સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS

**WEEK 26** (26/06/22 to 02/07/22)


સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)











JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ
તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે Click કરો.

CONTACT US :

93757-01110 | www.iceonline.in | t.me/icerajkotofficial | icerajkot

# Timeline

**26 JUNE-2022**


- દિવસ મહિમા : 26 જૂન, (1) વિશ્વ માદક પદાર્થ વિરોધી દિન, (2) ટોર્ચરનો ભોગ બનેલા લોકોના સમર્થનમાં આંતરરાષ્ટ્રીય દિવસ, (3) વિશ્વ રેફ્રિજરેશન દિવસ ........ 02
- વર્ટિકલ લોન્ચ શોર્ટ રેન્જ સરફેસ ટુ એર મિસાઈલ ........ 02
- ભારતના GSAT-24 ઉપગ્રહને ફ્રેન્ચ રોકેટથી લોન્ચ કરવામાં આવ્યો ........ 03
- QUESTION ANSWERS ........ 05


**27 JUNE-2022**


- દિવસ મહિમા : 27 જૂન, MSMEE Day ........ 06
- રાજસ્થાનનું મેનાર ગામ (બર્ડ વિલેજ) બનશે આદ્રભૂમિ ........ 07
- Open Network for Digital Commerce (ONDC) ........ 08
- QUESTION ANSWERS ........ 10


**28 JUNE-2022**


- કોલંબિયામાં ONGC વિદેશ લિમિટેડ દ્વારા તેલની શોધ કરવામાં આવી ........ 11
- જિલ્લાઓ માટે પર્ફોર્મન્સ ગ્રેડિંગ ઈન્ડેક્સ (PGI-D) ........ 11
- 75 સ્થળોએ BRO કાફે સ્થાપવામાં આવશે ........ 13
- QUESTION ANSWERS ........ 14


**29 JUNE-2022**


- દિવસ મહિમા : 29 જૂન, રાષ્ટ્રીય આંકડાશાસ્ત્ર દિવસ (National Statistics Day) ........ 15
- 48મી G-7 સમિટ (48th G-7 Summit) ........ 15
- EIU Global Liveability Index 2022 ........ 17
- QUESTION ANSWERS ........ 18


**30 JUNE-2022**


- દિવસ મહિમા : 30 જૂન, (1) વિશ્વ સોશિયલ મીડિયા દિવસ, (2) આંતરરાષ્ટ્રીય સંસદીયતા દિવસ (3) આંતરરાષ્ટ્રીય એસ્ટરોઈડ દિવસ ........ 19
- શ્રી નીતિન ગુપ્તાની CBDTના નવા અધ્યક્ષ તરીકે નિમણૂક ........ 19
- કોમનવેલ્થ ડિપ્લોમેટિક પ્રોગ્રામ : ભારત-યુ.કે ........ 20
- QUESTION ANSWERS ........ 21


**01 JULY-2022**


- દિવસ મહિમા : 01 જુલાઈ, (1) રાષ્ટ્રીય ડોક્ટર દિવસ, (2) GST દિવસ ........ 22
- ભગવાન શ્રી જગન્નાથજીની 145મી રથયાત્રા ........ 22
- QUESTION ANSWERS ........ 25


**02 JULY-2022**


- અભ્યાસ : હાઈ-સ્પીડ એક્સ્પાન્ડેબલ એરિયલ ટાર્ગેટ (HEAT) ........ 26
- ISROએ PSLV-C53 મિશન સફળતાપૂર્વક લોન્ચ કર્યુ ........ 27
- ભારતનો સૌથી મોટો ફ્લોટિંગ સોલાર પ્રોજેક્ટ ........ 28
- QUESTION ANSWERS ........ 30

ONE LINER ........ 31

QUESTION OF THIS WEEK ........ 36


INSTITUTE FOR COMPETITIVE EXAMS

**દિવસ મહિમા : 26 જૂન, (1) વિશ્વ માદક પદાર્થ વિરોધી દિન (International Day Against Drug Abuse and Illicit Trafficking)**
**(2) ટોર્ચરનો ભોગ બનેલા લોકોના સમર્થનમાં આંતરરાષ્ટ્રીય દિવસ (International Day in Support of Victims of Torture)**
**(3) વિશ્વ રેફ્રિજરેશન દિવસ (World Refrigeration Day)**

## વિશ્વ માદક પદાર્થ વિરોધી દિન




સંયુક્ત રાષ્ટ્ર દ્વારા દર વર્ષે 26 જૂનના રોજ 'ડ્રગના દુરુપયોગ અને ગેરકાયદેસર હેરફેર સામે આંતરરાષ્ટ્રીય દિવસ' અથવા 'વિશ્વ માદક પદાર્થ વિરોધી દિન' તરીકે ઉજવવામાં આવે છે.

- વર્ષ 1989થી આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- 26 જૂન એ ગુઆંગડોંગમાં શ્રી લિન ઝેક્સુ દ્વારા અફિણના વેપારની અંતની યાદમાં પસંદ કરવામાં આવેલી તારીખ છે.
- યુનાઈટેડ નેશન્સ વર્લ્ડ ડ્રગ રિપોર્ટ અનુસાર વિશ્વમાં ગેરકાયદેસર દવાઓનું મુલ્ય પ્રતિ વર્ષ 322 બિલિયન અમેરિકન ડોલર છે.
- વર્લ્ડ ડ્રગ્સ રિપોર્ટમાં એ પણ જણાવવામાં આવ્યું છે કે 2018માં લગભગ 269 મિલિયન લોકોએ ડ્રગ્સનો ઉપયોગ કર્યો હતો. જે વર્ષ 2009ની તુલનામાં 30% વધુ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## વર્ટિકલ લોન્ચ શોર્ટ રેન્જ સરફેસ ટુ એર મિસાઈલ

તાજેતરમાં વર્ટિકલ લોન્ચ શોર્ટ રેન્જ સરફેસ ટુ એર મિસાઈલ (VL-SRSAM)નું DRDO અને ઈન્ડિયન નેવી દ્વારા ઈન્ટિગ્રેટેડ ટેસ્ટ રેન્જ (ITR), ચાંદિપુર (ઓડિશા) ખાતેથી સફળતાપૂર્વક ઉડાન–પરીક્ષણ કરવામાં આવ્યું હતું.

## VL-SRSAM વિશે



વર્ટિકલ લોન્ચ શોર્ટ રેન્જ સરફેસ ટુ એર મિસાઈલ (VL-SRSAM)ને ભારતીય નૌકાદળના યુદ્ધ જહાજો પર તૈનાત કરવા માટે DRDOના ત્રણ એકમો દ્વારા સંયુક્ત રીતે ડિઝાઈન અને વિકસાવવામાં આવી છે.

- આ મિસાઈલ દરિયાઈ સ્કિમિંગ લક્ષ્યો સહિત નજીકના અંતરે વિવિધ હવાઈજન્ય જોખમોને નિષ્ક્રિય કરવાની ક્ષમતા ધરાવે છે.
- દરિયાઈ સ્કિમિંગ એ રડાર અને ઈન્ફ્રારેડ ડિટેક્શનથી બચવા માટે ઘણી એન્ટિ–શિપ મિસાઈલો અને કેટલાંક ફાઈટર અથવા સ્ટ્રાઈક એરક્રાફ્ટ દ્વારા ઉપયોગમાં લેવાતી તકનીક છે.
- આ મિસાઈલ 40 થી 50 કિ.મી.ની રેન્જ ધરાવે છે.
- 15 કિ.મી સુધીના અંતરે અને લગભગ 15 કિ.મીની ઊંચાઈએ હાઈ–સ્પીડ એર ટાર્ગેટ પર હુમલો કરવા માટે ડિઝાઈન કરવામાં આવી છે.
- તેની ડિઝાઈન અસ્ત્ર મિસાઈલ પર આધારિત છે, જે વિઝ્યુઅલ રેન્જની બહાર હવાથી હવામાં પ્રહાર કરતી મિસાઈલ છે.

## ભારતના GSAT-24 ઉપગ્રહને ફ્રેન્ચ રોકેટથી લોન્ચ કરવામાં આવ્યો

તાજેતરમાં ભારતે તેનો GSAT-24 ઉપગ્રહ લોન્ચ કર્યો હતો.

- જે ISRO દ્વારા ન્યુસ્પેસ ઈન્ડિયા લિમિટેડ (NSIL) માટે બનાવવામાં આવ્યો હતો.
- GSAT-24 ઉપગ્રહને ફ્રાન્સની કંપની Arianespace દ્વારા Ariane 5 સ્પેસ લોન્ચ વ્હીકલ પરથી લોન્ચ કરવામાં આવ્યો હતો.
- GSAT-24 એ 24-KU બેન્ડ કોમ્યુનિકેશન સેટેલાઈટ છે, તેનું વજન 4180 કિલોગ્રામ છે.
- આ ઉપગ્રહ DTH એપ્લિકેશનની જરૂરિયાતોને પહોંચી વળવા માટે સમગ્ર ભારતમાં કવરેજ પ્રદાન કરશે.

## GSAT-24ને ફ્રેન્ચ રોકેટથી કેમ લોન્ચ કરવામાં આવ્યું ?

GSAT-24 ઉપગ્રહને ફ્રેન્ચ રોકેટ Ariane 5 પરથી લોન્ચ કરવામાં આવ્યો હતો, કારણ કે ભારત પાસે હાલમાં 4 ટનથી વધુ વજનવાળા ઉપગ્રહને 'ભૂસ્થિર કક્ષા' (Geostationary Orbit)માં ઉપાડી શકે તેવું સ્પેસ–લોન્ચ રોકેટ નથી.

- ભારતનું સૌથી શક્તિશાળી રોકેટ GSLV MK 3 મહત્તમ 4 ટન જીઓસ્ટેશનરી ભ્રમણકક્ષામાં ઉપાડવામાં સક્ષમ છે.

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## NSIL

ન્યૂસ્પેસ ઈન્ડિયા લિમિટેડ (NSIL) એ ભારત સરકારનું કેન્દ્રીય જાહેર ક્ષેત્રનું સાહસ છે.

- તેની સ્થાપના વર્ષ 2019માં અવકાશ વિભાગના વહીવટી નિયંત્રણ હેઠળ કરવામાં આવી હતી.
- NSIL એ ISROની વ્યાપારી શાખા છે જે ભારતીય ઉદ્યોગોને ઉચ્ચ તકનીકી અવકાશ સંબંધિત પ્રવૃત્તિઓ હાથ ધરવા સક્ષમ બનાવવાની પ્રાથમિક જવાબદારી છે.
- તેનું મુખ્ય મથક બેંગ્લુરૂ ખાતે આવેલું છે.
- આ સંસ્થા ભારતીય અવકાશ કાર્યક્રમોમાં ઉદ્યોગોની ભાગીદારી વધારવા માંગે છે.

**નોંધ:** (1) તાજેતરમાં 10 ઈન–ઓર્બિટ કોમ્યુનિકેશન સેટેલાઈટને ભારત સરકાર તરફથી 'ન્યુ સ્પેસ ઈન્ડિયા લિમિટેડ' (NSIL)ને ટ્રાન્સફર કરવાની મંજૂરી આપી હતી.

(2) આ ઉપરાંત NSILની અધિકૃત શેર મૂડી રૂ. 1000 કરોડથી વધારીને રૂ. 7,500 કરોડ કરવાની પણ મંજૂરી આપવામાં આવી હતી.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

ICE® MAGIC
CURRENT AFFAIRS

અર્ધવાર્ષિક કરન્ટ અફેર્સ

વર્તમાન પ્રવાહોની ઓછા સમયમાં સર્વશ્રેષ્ઠ તૈયારી માટે અત્યંત ઉપયોગી ટુ ધી પોઇન્ટ પરીક્ષાલક્ષી માહિતી


રમતગમત, પુરસ્કારો, સંમેલનો, મહોત્સવ, સૈન્ય અભ્યાસ, અગત્યની નિમણૂકો તથા મહાનુભાવોના નિધન

ગુજરાત તથા ભારત સરકારની મહત્ત્વની યોજનાઓ, નીતિ નિર્ણયો

ગુજરાત અને ભારતનું નવું મંત્રી મંડળ તથા મહત્ત્વના પદાધિકારીશ્રીઓ

કરન્ટ અફેર્સની સ્માર્ટ રિવીઝન નોટ સાથે

ટોપિક વાઈઝ પ્રશ્ન જવાબનો પણ સમાવેશ




COMING SOON

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

**1.** 'વિશ્વ માદક પદાર્થ વિરોધી દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 25 જૂન (B) 26 જૂન (C) 27 જૂન (D) 28 જૂન **(B)**

**2.** 'ટોર્ચરનો ભોગ બનેલા લોકોના સમર્થનમાં આંતરરાષ્ટ્રીય દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 26 જૂન (B) 27 જૂન (C) 28 જૂન (D) 29 જૂન **(A)**

**3.** 'વર્લ્ડ રેફ્રિજરેશન ડે' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 24 જૂન (B) 25 જૂન (C) 26 જૂન (D) 27 જૂન **(C)**

**4.** તાજેતરમાં DRDO અને ઈન્ડિયન નેવી દ્વારા ઓડિશાના ચાંદિપુરમાં ઈન્ટિગ્રેટેડ ટેસ્ટ રેન્જ (ITR) ખાતેથી 'VL-SRSAM'નું સફળતાપૂર્વક પરીક્ષણ કર્યુ હતું. તેના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. VL-SRSAMનું પૂરું નામ 'વર્ટિકલ લોન્ચ શોર્ટ રેન્જ સરફેસ ટુ એર મિસાઈલ' છે.
2. તેને ભારતીય નૌકાદળના યુદ્ધ જહાજો પર તૈનાત કરવા માટે DRDOના ત્રણ એકમો દ્વારા સંયુક્ત રીતે ડિઝાઈન અને વિકસાવવામાં આવી છે.
3. આ મિસાઈલ 40 થી 50 કિ.મીની રેન્જ ધરાવે છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 3 (B) ફક્ત 2 અને 3 (C) ફક્ત 1 અને 2 (D) 1, 2, અને 3 **(D)**

**5.** તાજેતરમાં ભારતે તેનો GSAT-24 ઉપગ્રહ લોન્ચ કર્યો હતો. તેના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. તેને ISRO દ્વારા ન્યૂસ્પેસ ઈન્ડિયા લિમિટેડ (NSIL) માટે બનાવવામાં આવ્યો છે.
2. GSAT-24 ઉપગ્રહને ફ્રાન્સની કંપની Arianspace દ્વારા Ariane 5 સ્પેસ લોન્ચ વ્હીકલ પરથી લોન્ચ કરવામાં આવ્યો છે.
3. GSAT-24 એ 24-KU બેન્ડ કોમ્યુનિકેશન સેટેલાઈટ છે, તેનું વજન 4180 ગ્રામ છે.
4. આ ઉપગ્રહ DTH એપ્લિકેશનની જરૂરિયાતોને પહોંચી વળવા માટે સમગ્ર ભારતમાં કવરેજ પ્રદાન કરશે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 2 અને 3 (B) 1, 2, 3 અને 4 (C) ફક્ત 1, 2 અને 3 (D) ફક્ત 2, 3 અને 4 **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : 27 જૂન, MSME Day




સંયુક્ત રાષ્ટ્ર દ્વારા દર વર્ષે 27 જૂનના રોજ 'MSME દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- 6 એપ્રિલ, 2017ના રોજ સંયુક્ત રાષ્ટ્રની સામાન્ય સભાના 74મા અધિવેશનમાં 27 જૂનને 'MSME દિવસ' તરીકે ઉજવવાની જાહેરાત કરવામાં આવી હતી.
- આ અંતર્ગત સૌપ્રથમ 27 જૂન, 2017ના રોજ પ્રથમ 'MSME દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી.

### MSMEનું પૂરું નામ શું છે ?

MSMEનું પૂરું નામ 'Micro, Small and Medium-Sized Enterprises' છે.

- તેને ગુજરાતીમાં 'સુક્ષ્મ–લઘુ અને મધ્યમ કદના ઉદ્યોગો' તરીકે ઓળખવામાં આવે છે.

### ઉદ્દેશ

સતત વિકાસના લક્ષ્યોને પ્રાપ્ત કરવામાં 'સુક્ષ્મ, લઘુ અને મધ્યમ કદના ઉદ્યોગો'ના મહત્ત્વને ધ્યાનમાં રાખીને સંયુક્ત રાષ્ટ્ર દ્વારા MSME દિવસની ઉજવણીની જાહેરાત કરવામાં આવી હતી.

### વર્ષ 2022ની થીમ

યુનાઈટેડ નેશન્સ દ્વારા જાહેર કરવામાં આવેલી વર્ષ 2022ની MSME દિવસની થીમ 'Resilience and Rebuilding : MSMEs for Sustainable Development' છે.

- થીમ મુખ્યત્વે હાઈલાઈટ કરે છે કે સુક્ષ્મ–લઘુ અને મધ્યમ કદના સાહસો દેશના સામાજિક આર્થિક વિકાસ માટે આવશ્યક ઘટક છે.

### MSME Classification

| વર્ગીકરણ (Classification) | સુક્ષ્મ (Micro) | લઘુ (Small) | મધ્યમ (Medium) |
|---|---|---|---|
| ઉત્પાદન અને સેવાઓ (Manufacturing & Services) | રોકાણ : રૂ. 1 કરોડ<br>ટર્નઓવર : રૂ. 5 કરોડ | રોકાણ : રૂ. 10 કરોડ<br>ટર્નઓવર : રૂ. 50 કરોડ | રોકાણ : રૂ. 50 કરોડ<br>ટર્નઓવર : રૂ. 250 કરોડ |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારતીય અર્થતંત્રમાં MSMEની ભૂમિકા

MSME દેશના ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટ (GDP)માં લગભગ 30% યોગદાન આપીને ભારતીય અર્થવ્યવસ્થાના વિકાસને આગળ ધપાવે છે.

- નિકાસના સંદર્ભમાં તેઓ સપ્લાય ચેઈનનો અભિન્ન ભાગ છે અને કુલ નિકાસમાં લગભગ 48% યોગદાન આપે છે.
- MSME રોજગાર નિર્માણમાં પણ મહત્ત્વની ભૂમિકા ભજવે છે, કારણ કે તેઓ દેશભરમાં લગભગ 110 મિલિયન લોકોને રોજગાર પ્રદાન કરે છે.

## રાજસ્થાનનું મેનાર ગામ (બર્ડ વિલેજ) બનશે આદ્રભૂમિ

વિવિધ સંરક્ષણ પ્રયાસો પછી 'પક્ષી ગામ' (Bird Village) તરીકે માન્યતા પ્રાપ્ત રાજસ્થાનના ઉદયપુર જિલ્લાના મેનાર ગામને રાજસ્થાનની નવી આદ્રભૂમિ (વેટલેન્ડ) તરીકે સૂચિત કરવાનો નિર્ણય કર્યો છે.

- તેનાંથી મેવાડ ક્ષેત્રના આ ગ્રામીણ વિસ્તારને રામસર સાઈટનો દરજ્જો મેળવાનો માર્ગ મોકળો થશે.

### આદ્રભૂમિ (Wetland)

આદ્રભૂમિ એવો દલદલીય તથા પાણીવાળો ક્ષેત્ર છે જ્યાં સમગ્ર વર્ષ કે વર્ષના એક ભાગ દરમિયાન પ્રાકૃતિક કે કૃત્રિમ રીતે, શાંત કે વહેતું પાણી, ખારૂ કે મીઠું પાણી, સમુદ્ર કે ગૈરસમુદ્રી એવા જળજમાવ ક્ષેત્રની ઊંડાઈ 6 મીટરથી વધારે ન હોય.

### મહત્ત્વ

આદ્રભૂમિ એ આપણા કુદરતી વાતાવરણનો મહત્ત્વનો ભાગ છે, તેઓ પૂરની ઘટનાઓ ઘટાડે છે, દરિયાકાંઠાના વિસ્તારોનું રક્ષણ કરે છે તેમજ પ્રદૂષકોને શોષીને પાણીની ગુણવત્તામાં સુધારો કરે છે.

- આદ્રભૂમિ જીવજંતુ, કીટકો તથા વનસ્પતિની દૂર્લભ પ્રજાતિનું નિવાસ સ્થાન છે.
- આ ક્ષેત્ર પોષક તત્વોનું પુનઃનિર્માણ કરે છે તથા ઝેરીલા તત્વને નિષ્ક્રિય કરે છે આથી તેને 'પ્રકૃતિની કિડની' પણ કહેવામાં આવે છે.
- જમીન આધારિત કાર્બનનો 30% ભાગ પીટલેન્ડ્સ (એક પ્રકારનો વેટલેન્ડ)માં સંગ્રહિત થાય છે.
- તે પરિવહન, પર્યટન અને લોકોની સાંસ્કૃતિક અને આધ્યાત્મિક સુખાકારીમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.
- ઘણી વેટલેન્ડ કુદરતી સૈંદર્યના વિસ્તારો છે અને આદિવાસી લોકો માટે મહત્ત્વપૂર્ણ છે.

**નોંધ:** (1) મેનાર ગામના બે તળાવો બ્રહ્મા અને ધંધમાં દર વર્ષે મોટી સંખ્યામાં યાયાવર પક્ષીઓ આવે છે.

(2) બંને તળાવો શિયાળાની ઋતુમાં સ્થાનિક અને સ્થળાંતર કરનારા પક્ષીઓની 150થી વધુ પ્રજાતિઓનું ઘર છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

# Open Network for Digital Commerce (ONDC)



તાજેતરમાં સરકારે દેશના ઝડપથી વિકસતા ડિજિટલ ઈ–કોમર્સ સ્પેસને 'લોકશાહીકરણ' કરવાના ઉદ્દેશ્ય સાથે 'Open Network for Digital Commerce' (ONDC)નો પાયલોટ તબક્કો શરૂ કર્યો છે.

- જે હાલમાં બે યુએસ હેડક્વાર્ટર ધરાવતી કંપનીઓ–એમઝોન અને વોલમાર્ટનું વર્ચસ્વ ધરાવે છે.
- કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયના જણાવ્યા અનુસાર સાત કંપનીઓએ ONDC પ્રોટોકોલ અપનાવ્યો છે. અને તેમની પોતાની ONDC ફ્રેન્ડલી એપ્સ બનાવી છે.
- આ એપ્સ પાયલોટ તબક્કા દરમિયાન ONDC નેટવર્કમાં કાસ્કેડ વ્યવહારોને સફળતાપૂર્વક પૂર્ણ કરવા સક્ષમ છે.
- ONDC સલાહકાર પરિષદની બેઠક દરમિયાન કેન્દ્રીય મંત્રી શ્રી પીયૂષ ગોયલે આ માહિતી આપી હતી.
- આ બેઠકમાં પ્રોજેક્ટમાં થયેલી પ્રગતિની સમીક્ષા કરવામાં આવી હતી.

## ONDC

ONDC એ વૈશ્વિક સ્તરે તેના પ્રકારની પ્રથમ પહેલ છે જેનો હેતુ ડિજિટલ વાણિજ્યનું લોકશાહીકરણ કરવાનો છે અને તેને પ્લેટફોર્મ–કેન્દ્રિત મોડલથી ઓપન નેટવર્કમાં ખસેડવાનો છે.

- ONDC હેઠળ એવી કલ્પના કરવામાં આવી છે કે ભાગ લેતી ઈ–કોમર્સ સાઈટ (ઉદાહરણ તરીકે એમેઝોન) પર નોંધાયેલ ખરીદનાર અન્ય સહભાગી ઈ–કોમર્સ સાઈટ (ઉદાહરણ તરીકે ફિલપકાર્ટ) પર વિક્રેતા પાસેથી માલ ખરીદી શકે છે.
- હાલમાં એક જ પ્લેટફોર્મ દ્વારા વ્યવહારો કરવા માટે ખરીદદારો અને વિક્રેતાઓ એક જ એપ્લિકેશન પર હોવા જરૂરી છે, ઉદાહરણ તરીકે ખરીદનારને એમેઝોન પર વેચનાર પાસેથી ઉત્પાદન ખરીદવા માટે એમેઝોન પર જવું પડશે.
- તે એક બિન–લાભાકારી સંસ્થા છે જે કોઈપણ નેટવર્ક–સક્ષમ એપ્લિકેશન દ્વારા તમામ ઉદ્યોગોમાં સ્થાનિક ડિજિટલ વાણિજ્ય સ્ટોર્સને શોધવા અને રોકાયેલા કરવા સક્ષમ બનાવવા માટે નેટવર્ક ઓફર કરશે.
- તે ન તો એગ્રીગેટર એપ્લિકેશન છે કે ન તો હોસ્ટિંગ પ્લેટફોર્મ અને તમામ વર્તમાન ડિજિટલ કોમર્સ એપ્લિકેશન્સ અને પ્લેટફોર્મ સ્વેચ્છાએ ONDC નેટવર્કને અપનાવવા અને તેનો ભાગ બનવાનું પસંદ કરી શકે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- ONDCનો ઉદ્દેશ્ય કોઈપણ વિશિષ્ટ પ્લેટફોર્મ પર મુક્ત ઓપન સ્પષ્ટીકરણો અને ઓપન નેટવર્ક પ્રોટોકોલનો ઉપયોગ કરીને ઓપન–સોર્સ પદ્ધતિ પર વિકસિત નેટવર્ક્સને પ્રોત્સાહન આપવાનો છે.
- યુનાફાઈડ પેમેન્ટ્સ ઈન્ટરફેસ (UPI)ની તર્જ પર ONDCનું અમલીકરણ, ઈ–કોમર્સ પ્લેટફોર્મ દ્વારા અમલમાં મૂકવામાં આવેલા વિવિધ પાસાઓને એક સ્તર પર લાવી શકે છે.
- ઓપન સોર્સ ટેકનોલોજી પર આધારિત નેટવર્ક દ્વારા ઈ–કોમર્સ પ્લેટફોર્મને એકીકૃત કરવાનો પ્રોજેક્ટ 'ક્વોલિટી કાઉન્સિલ ઓફ ઈન્ડિયા'ને સોંપવામાં આવ્યો છે.

## લાભ

ONDC સૂચિબદ્ધ, ઈન્વેન્ટરી મેનેજમેન્ટ, ઓર્ડર મેનેજમેન્ટ અને ઓર્ડર પરિપૂર્ણતા જેવા કાર્યોને પ્રમાણિત કરશે. જે નાના વ્યવસાયો માટે નેટવર્ક શોધી શકાય તેવું અને વ્યવસાય ચલાવવા માટે તેને સરળ બનાવશે.

## મહત્ત્વ

ONDC પર ખરીદદારો અને વિક્રેતાઓ એ હકીકતને ધ્યાનમાં લીધા વિના વ્યવહાર કરી શકે છે કે તેઓ ચોક્કસ ઈ–કોમર્સ પોર્ટલ સાથે જોડાયેલ છે.

- આનાથી નાના ઓનલાઈન રિટેલર્સ અને નવા પ્રવેશકારોને પ્રોત્સાહિત કરી શકાય છે.
- ONDC સમગ્ર મૂલ્ય શૃંખલાને ડિજિટાઈઝ કરશે, કામગીરીને પ્રમાણિત કરશે, સપ્લાયરના સમાવેશને પ્રોત્સાહન આપશે, લોજિસ્ટિક્સમાં કાર્યક્ષમતા હાંસલ કરશે અને ગ્રાહકો માટે મૂલ્ય ઉમેરશે.
- પ્લેટફોર્મ સમાન તકની ભાગીદારીની કલ્પના કરે છે અને ગ્રાહકો માટે ઈ–કોમર્સને વધુ સમાવિષ્ટ અને સુલભ બનાવવાનો પ્રયાસ કરે છે.
- કારણ કે તેઓ કોઈપણ સુસંગત એપ્લિકેશન/પ્લેટફોર્મનો ઉપયોગ કરીને કોઈપણ વિક્રેતા ઉત્પાદન અથવા સેવાને સંભવિતપણે શોધી શકે છે.
- આથી તેમની પસંદગીની સ્વતંત્રતામાં વધારો થાય છે.
- તે કોઈપણ મૂલ્યવર્ગના વ્યવહારોને સક્ષમ કરશે, આમ ONDCને 'લોકશાહી વાણિજ્ય માટે ખૂલ્લું નેટવર્ક' બનાવશે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. સંયુક્ત રાષ્ટ્ર દ્વારા 'MSME દિવસ' તરીકે કયા દિવસની ઉજવણી કરવામાં આવે છે ?

(A) 25 જૂન (B) 26 જૂન (C) 27 જૂન (D) 28 જૂન (C)

2. વર્ષ 2022ની 'MSME દિવસ'ની થીમ શું છે ?

(A) Covid-19 : The great lockdown and impact on common man

(B) The great MSME and its impact on small business

(C) Resilience and rebuilding : MSMEs for sustainable development

(D) ઉપર પૈકી એકપણ નહીં (C)

3. તાજેતરમાં રાજસ્થાનના ઉદયપુર જિલ્લાના કયા ગામને રાજસ્થાનની નવી આદ્રભૂમિ અથવા વેટલેન્ડ તરીકે સૂચિત કરવાનો નિર્ણય કર્યો છે ?

(A) મેનાર (B) સિમારગઢ (C) રાજનગર (D) ડોડિયાગઢ (A)

4. તાજેતરમાં સરકારે 'ONDC'નો પાયલોટ તબક્કો શરૂ કર્યો છે. તેના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. તેનું પૂરું નામ 'Open Network for Digital Commerce' છે.

2. તેનો હેતુ ડિજિટલ વાણિજ્યનું લોકશાહીકરણ કરવાનો છે અને તેને પ્લેટફોર્મ કેન્દ્રિત મોડલથી ઓપન નેટવર્કમાં ખસેડવાનો છે.

3. તે એક બિન–લાભાકારી સંસ્થા છે જે કોઈપણ નેટવર્ક સક્ષમ એપ્લિકેશન દ્વારા તમામ ઉદ્યોગોમાં સ્થાનિક ડિજિટલ વાણિજ્ય સ્ટોર્સને શોધવા અને રોકાયેલા કરવા સક્ષમ બનાવવા માટે નેટવર્ક ઓફર કરશે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 3 (B) ફક્ત 1 અને 2 (C) ફક્ત 2 અને 3 (D) 1, 2, અને 3 (D)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## કોલંબિયામાં ONGC વિદેશ લિમિટેડ દ્વારા તેલની શોધ કરવામાં આવી



ONGC વિદેશ લિમિટેડ (OVL)એ તાજેતરમાં કોલંબિયામાં એક ડ્રિલ કરવામાં આવેલ કૂવો, ઉરાકા–IXમાં તેલની શોધ કરી છે.

- કૂવો 20 એપ્રિલ, 2022ના રોજ ખોદવામાં આવ્યો હતો અને 10,956 ફૂટની લક્ષ્ય ઉંડાઈ સુધી ડ્રિલ કરવામાં આવ્યો હતો.
- જેમાં 10201-10218 ફૂટની ઉંડાઈએ 17 ફૂટ જાડી ઓઈલ રેતી મળી હતી.
- શરૂઆતમાં જ્યારે ઈલેક્ટ્રિકલ સબમર્સિબલ પંપ સાથે પરીક્ષણ કરવામાં આવ્યું ત્યારે પ્રવાહી લગભગ 600 બેરલ/દિવસની ઝડપે વહેતું હતું.
- લોઅર મિરાડોર પ્લે કૂવામાં તેલની શોધે બ્લોકના ઉત્તરીય ભાગમાં વધુ સંશોધન માટે નવા વિસ્તારો ખોલ્યા છે.
- અગાઉ ONGC વિદેશે અનુક્રમે 2018 અને 2017માં ઈન્ડિકો અને મેરીપોસા ક્ષેત્રના લોઅર સેન્ડ પ્લેમાં વ્યાપારી તેલ સંશોધન હાથ ધર્યુ હતું.
- બંને ક્ષેત્રો હાલમાં વ્યવસાયિક ધોરણે દરરોજ 20,000 બેરલ તેલનું ઉત્પાદન કરે છે.

નોંધ: (1) ONGC વિદેશ લિમિટેડ એ મિની રત્ન શિડ્યુલ 'A' સેન્ટ્રલ પબ્લિક સેક્ટર એન્ટરપ્રાઈઝ (CPSE) છે, જે પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયના વહીવટી નિયંત્રણ હેઠળ કાર્ય કરે છે.

(2) તે ઓઈલ એન્ડ નેચરલ ગેસ કોર્પોરેશન લિમિટેડ (ONGC)ની વિદેશી શાખા અને સંપૂર્ણ માલિકીની પેટાકંપની છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## જિલ્લાઓ માટે પર્ફોર્મન્સ ગ્રેડિંગ ઈન્ડેક્સ (PGI-D)

27 જૂન, 2022ના રોજ શિક્ષણ મંત્રાલયના શાળા અને શિક્ષણ અને સાક્ષરતા વિભાગે વર્ષ 2018-19 અને 2019-20 માટે 'પર્ફોમન્સ ગ્રેડિંગ ઈન્ડેક્સ ફોર ડિસ્ટ્રીક્સ' (PGI-D) રિપોર્ટ બહાર પાડ્યો હતો.

### PGI-D રિપોર્ટ વિશે

પર્ફોમન્સ ગ્રેડિંગ ઈન્ડેક્સ (PGI-D) સર્વગ્રાહી પૃથ્થકરણ માટે ઈન્ડેક્સ બનાવીને જિલ્લા સ્તરે શાળા શિક્ષણ પ્રણાલીની કામગીરીનું મૂલ્યાંકન કરે છે.

- ઈન્ટિગ્રેટેડ ડિસ્ટ્રિક ઈન્ફોર્મેશન સિસ્ટમ ઓન એજ્યુકેશન પ્લસ (UDISE +), નેશનલ એચિવમેન્ટ સર્વે (NAS), 2017 અને સંબંધિત જિલ્લાઓ દ્વારા આપવામાં આવેલ ડેટાના આધારે PGI-Dએ શાળા શિક્ષણમાં જિલ્લા સ્તરની કામગીરીનું મૂલ્યાંકન કર્યુ હતું.

- તે છ શ્રેણીઓમાં જૂથબદ્ધ 83 સૂચકાંકો પર આધારિત છે.
- આ શ્રેણીઓ પરિણામો, અસરકારક વર્ગખંડ, વ્યવહાર, માળખાકીય સુવિધાઓ અને વિદ્યાર્થીઓના હક, શાળા સલામતી અને બાળ સુરક્ષા, ડિજિટલ શિક્ષણ અને શાસન પ્રક્રિયા છે.
- આ શ્રેણીઓને આગળ 12 ડોમેન્સમાં વિભાજિત કરવામાં આવી છે.

## આકરણી ગ્રેડ

PGI-D જિલ્લાઓને 10 ગ્રેડમાં વર્ગીકૃત કરે છે.

- ઉચ્ચતમ ગ્રેડ 'દક્ષ' (Daksh) છે, તે કેટેગરીમાં અથવા એકંદર 90% થી વધુ ગુણ મેળવનારા જિલ્લાઓ માટે.
- ત્યારબાદ 'ઉત્કર્ષ' (81% થી 90%), 'અતિ ઉત્તમ' (71% થી 80%), 'ઉત્તમ' (61% થી 70%), 'પ્રચેષ્ટા–1' (51% થી 60%) અને 'પ્રચેષ્ટા–2' (41% થી 50%) ક્રમાંકિત છે.
- કુલ ગુણના 10% સુધીના સ્કોર માટે PGI-Dમાં સૌથી નીચો ગ્રેડ 'એસ્પિરન્ટ–3' છે.
- આ બે વર્ષમાં કોઈપણ જિલ્લો સૌથી વધુ 'દક્ષ' ગ્રેડ સાથે આવ્યો નથી.

## ઈન્ડેક્સની મુખ્ય લાક્ષણિકતા

### શ્રેષ્ઠ પ્રદર્શક

આ અહેવાલ મુજબ રાજસ્થાન રાજ્યના ત્રણ જિલ્લાઓએ મૂલ્યાંકનમાં શ્રેષ્ઠ દેખાવ કર્યો હતો.

- આ ઈન્ડેક્સમાં રાજસ્થાન રાજ્યના ત્રણ જિલ્લા–સિકર, ઝુંઝુનુ અને જયપુરને વર્ષ 2019-20માં 'ઉત્કર્ષ' ગ્રેડમાં મુકવામાં આવ્યા હતા.
- ઝુંઝુનુએ શીખવાના પરિણામોમાં સૌથી વધુ સ્કોર કર્યો છે.
- નોંધનીય છે કે એક વર્ષ પહેલા કોઈ જિલ્લો તે શ્રેણી હેઠળ આવ્યો ન હતો.
- રાજસ્થાનમાં આ ગ્રેડમાં સૌથી વધુ 24 જિલ્લા છે.
- ત્યારબાદ પંજાબ (14), ગુજરાત (13) અને કેરળ (13) છે.

### નીચેના પ્રદર્શકો

આ શ્રેણીમાં સૌથી ઓછા સ્કોર ધરાવતા જિલ્લાઓ (50 માંથી 1) હતા :

- વર્ષ 2020માં દક્ષિણ સલમારા–માંકચર (આસામ), અલીરાજપુર (મધ્યપ્રદેશ), ઉત્તર ગારો હિલ્સ અને મેઘાલયમાં દક્ષિણ ગારો હિલ્સ અને ખોવાઈ (ત્રિપુરા) નીચેના પ્રદર્શકોમાં હતા.
- 12 રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશો કે જેમાં અતિ–ઉત્તમ અને ઉત્તમમાં એકપણ જિલ્લો નથી, તેમાં બિહાર, ગોવા, જમ્મુ અને કાશ્મીર, અરૂણાચલપ્રદેશ, મણિપુર, મેઘાલય, મિઝોરમ, નાગાલેન્ડ, સિક્કિમ, ત્રિપુરા અને ઉત્તરાખંડ છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

### મહત્વ

સૂચકના આધારે PGI સ્કોર તે વિસ્તારોને સૂચવે છે જ્યાં જિલ્લાને સુધારણાની જરૂર છે.

- PGI-D તમામ જિલ્લાઓની સાપેક્ષ કામગીરીને સામાન્ય સ્કેલ પર પ્રદર્શિત કરશે જે તેમને વધુ સારું પ્રદર્શન કરવા પ્રોત્સાહિત કરે છે.
- તે વિદ્યાર્થીઓ, વાલીઓ, શિક્ષકો અને સંચાલકો સહિત શાળા શિક્ષણ પ્રણાલીના તમામ હિતધારકોને તેમના જિલ્લા અને અન્ય જિલ્લાઓની કામગીરી જણાવવામાં મદદ કરે છે.

## 75 સ્થળોએ BRO કાફે સ્થાપવામાં આવશે



રક્ષા મંત્રાલયે બોર્ડ રોડ ઓર્ગેનાઈઝેશન (BRO) સાથે મળીને સરહદી માર્ગો પર ટૂંક સમયમાં BRO કાફે ખોલવાની મંજૂરી આપી છે.

- અરૂણાચલ પ્રદેશમાં 19, હિમાચલપ્રદેશમાં 7, આસામમાં 2, લદ્દાખમાં 14, જમ્મુ અને કાશ્મીરમાં 12, ઉત્તરાખંડમાં 11 અને રાજસ્થાનમાં 5 BRO કાફે સ્થાપવામાં આવશે.
- આ ઉપરાંત સિક્કિમ, પશ્ચિમ બંગાળ, નાગાલેન્ડ, પંજાબ અને મણિપુરમાં રોડ સાઈટની વિવિધ સુવિધાઓ ઉભી કરવામાં આવશે.
- BRO કાફે ટૂંક સમયમાં 12 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં 75 સ્થળોએ ખુલશે.
- આ કાફેનો ઉદ્દેશ પ્રવાસીઓને મૂળભૂત સુવિધાઓ અને આરામ આપવાનો છે.
- તેઓ સરહદી વિસ્તારોમાં આર્થિક પ્રવૃત્તિઓને વેગ આપશે તેમજ સ્થાનિક લોકો માટે રોજગારીનું સર્જન કરશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### આ સુવિધાઓ કોણ બનાવશે

એજન્સીઓ સાથે પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશિપ મોડમાં લાયસન્સ આધારે BRO કાફે સુવિધાઓ વિકસાવવામાં આવશે.

- આ એજન્સીઓ BRO દ્વારા આપવામાં આવેલી માર્ગદર્શિકા અનુસાર સુવિધાઓની રચના, નિર્માણ અને સંચાલન કરશે.

### સુવિધાઓ

BRO કાફે હેઠળ સુવિધાઓમાં ટુ અને ફોર વ્હીલર માટે પાર્કિંગ, પુરૂષો, મહિલાઓ અને વિકલાંગો માટે આરામ ખંડ, ફૂડ પ્લાઝા અને રેસ્ટોરન્ટ, પ્રાથમિક સારવાર ખંડ વગેરેનો સમાવેશ થાય છે.

1. તાજેતરમાં ............માં ONGC વિદેશ લિમિટેડ દ્વારા તેલની શોધ કરવામાં આવી છે.

(A) ઈન્ડોનેશિયા (B) તુર્કમેનિસ્તાન (C) કોલંબિયા (D) સુદાન (C)

2. તાજેતરમાં શિક્ષણ મંત્રાલયના શાળા શિક્ષણ અને સાક્ષરતા વિભાગએ વર્ષ 2018-19 અને 2019-20 માટે 'પર્ફોર્મન્સ ગ્રેડિંગ ઈન્ડેક્સ ફોર ડિસ્ટ્રક્સ' (PGI-D) રિપોર્ટ બહાર પાડયો હતો. તેના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. આ ઈન્ડેક્સ જિલ્લા સ્તરે શાળા શિક્ષણ પ્રણાલીની કામગીરીનું મૂલ્યાંકન કરે છે.
2. આ ઈન્ડેક્સ જિલ્લાઓને 10 ગ્રેડમાં વર્ગીકૃત કરે છે, તેમાં ઉચ્ચતમ ગ્રેડ દક્ષ છે ત્યારબાદ ઉત્કર્ષ છે.
3. આ અહેવાલ મુજબ રાજસ્થાન રાજ્યોના ત્રણ જિલ્લા સિકર, ઝુંઝુંનુ અને જયપુરને 2019-20માં 'ઉત્કર્ષ' ગ્રેડમાં મુકવામાં આવ્યા હતા.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.


(A) ફક્ત 1 (B) ફક્ત 2 (C) ફક્ત 1 અને 3 (D) 1, 2 અને 3 (D)

3. તાજેતરમાં રક્ષા મંત્રાલયે BRO સાથે મળીને સરહદી માર્ગો પર ટૂંક સમયમાં BRO કાફે સ્થાપવાની મંજૂરી આપી છે. આ અંતર્ગત કેટલા BRO કાફે સ્થાપવામાં આવશે ?

(A) 75 (B) 85 (C) 175 (D) 185 (A)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : 29 જૂન, રાષ્ટ્રીય આંકડાશાસ્ત્ર દિવસ (National Statistics Day)




ભારત સરકાર દ્વારા ભારતમાં દર વર્ષે 29 જૂનને 'National Statistics Day' અથવા તો 'રાષ્ટ્રીય આંકડાશાસ્ત્ર દિવસ' તરીકે ઉજવવામાં આવે છે.

- ભારતીય આંકડાકીય પ્રણાલીના વિકાસમાં શ્રી પી.સી.મહાલનોબિસના પ્રદાનને બિરદાવવા માટે ભારતમાં વર્ષ 2006 થી તેમનો જન્મ દિન 29 જૂન 'આંકડાશાસ્ત્ર દિવસ' તરીકે ઉજવાય છે.
- આ ઉપરાંત આ દિવસની ઉજવણીનો અન્ય એક હેતુ ભારતમાં સામાજિક–આર્થિક આયોજન તથા નીતિ નિર્માણમાં આંકડાકીય માહિતીના મહત્ત્વ અંગે જાગરુકતા લાવવાનો છે.
- વર્ષ 2022ની 'નેશનલ સ્ટેટિસ્ટિક્સ ડે'ની થીમ 'Data for Sustainable Development' છે.

## 48મી G-7 સમિટ (48th G-7 Summit)



48મી G-7 સમિટ 26 થી 28 જૂન, 2022 દરમિયાન જર્મનીના સ્લોસ એલમાઉ, ક્રુન, બાવેરિયન આલ્પસ ખાતે યોજાઈ હતી.

- આ સમિટમાં ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પણ હાજરી આપી હતી.
- જર્મન ચાન્સેલર ઓલાફ સ્કોલ્ઝે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને પાર્ટનર કન્ટ્રી તરીકે G-7 સમિટ 2022માં ભાગ લેવા આમંત્રણ આપ્યું હતું.
- ભારત ઉપરાંત આર્જેન્ટિના, ઈન્ડોનેશિયા, સેનેગલ અને દક્ષિણ આફ્રિકાને પણ ભાગીદાર દેશો તરીકે સમિટમાં આમંત્રણ આપ્યું હતું.
- આ 48મી G-7 સમિટમાં ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ G-7 દેશોને દેશમાં ઉભરી રહેલી સ્વચ્છ ઊર્જા તકનીકોના વિશાળ બજારમાં રોકાણ કરવા આમંત્રણ આપ્યું હતું.
- વર્ષ 2022 માટે G-7નું નેતૃત્વ જર્મની કરી રહ્યું છે.

**નોંધ:** આ સમિટમાં વિકાસશીલ અને મધ્યમ આવક ધરાવતા દેશોમાં 'ગેમ–ચેન્જિંગ' અને 'પારદર્શક' ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સ પહોંચાડવા માટે, વૈશ્વિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર એન્ડ ઈન્વેસ્ટમેન્ટ માટે ભાગીદારી હેઠળ વાર્ષિક ધોરણે આયોજિત G-7એ 2027 સુધીમાં 600 બિલિયન અમેરિકન ડોલર એકત્ર કરવાની જાહેરાત કરી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## G-7 જૂથ

G-7 અથવા તો 'Group of Seven'માં અમેરિકા, બ્રિટન, જાપાન, ફ્રાન્સ, જર્મની, ઈટલી અને કેનેડા એમ કુલ 7 સભ્યો દેશોનો સમાવેશ થાય છે.

- તેની સ્થાપના વર્ષ 1975માં થઈ હતી.
- G-7 એ એક આંતરરાષ્ટ્રીય આંતર સરકારી આર્થિક સંગઠન છે.
- 1975માં એ સમયે ટોચની અર્થવ્યવસ્થાઓ દ્વારા વિશ્વના વિવિધ મુદ્દાઓ અંગે ચર્ચા કરવા માટે આ સંગઠનની સ્થાપના કરવામાં આવી હતી.
- પ્રારંભમાં અમેરિકા, બ્રિટન, જાપાન, ફ્રાન્સ, જર્મની અને ઈટલી એમ કુલ 6 દેશો દ્વારા આ જૂથની સ્થાપના કરવામાં આવી હતી.
- આથી, એ સમયે તે G-6 અથવા તો 'Group of Six' તરીકે ઓળખાતું હતું.
- જોકે, 1977માં તેમાં કેનેડાનો સમાવેશ થતાં તે G-7 અથવા તો 'Group of Seven' તરીકે ઓળખાયું.
- હાલ (જૂન 2022ની સ્થિતિએ) આ જૂથમાં 7 દેશોનો સમાવેશ થાય છે.
- જોકે, અગાઉ 1998માં આ જૂથમાં રશિયાનો પણ સમાવેશ કરવામાં આવ્યો હતો.
- આથી, તે સમયે આ જૂથ G-8 અથવા તો 'Group of Eight' તરીકે ઓળખાતું હતું.
- જોકે, વર્ષ 2014માં ક્રીમિયા વિવાદને કારણે રશિયાને આ જૂથમાંથી હટાવી દેવામાં આવ્યું હતું.

નોંધ: (1) G-7 નું કોઈ ઔપચારિક બંધારણ નથી અને તેનું કોઈ નિશ્ચિત વડું મથક પણ નથી.

(2) આ જૂથની વાર્ષિક સમિટની અધ્યક્ષતા સાતેય સભ્ય દેશોના નેતાઓ દ્વારા રોટેશનલ ધોરણે વારાફરતી કરવામાં આવે છે.

(3) વર્ષ 2021માં બ્રિટનના કોર્નવાલ ખાતે 47મી G-7 સમિટનું આયોજન થયું હતું.

(4) સમિટની વેબસાઈટ અનુસાર વર્ષ 2022 સુધીમાં G-7 દેશો વૈશ્વિક વસતીના 10%, વૈશ્વિક GDPમાં 31% અને વૈશ્વિક કાર્બન ડાયોક્સાઈડ ઉત્સર્જનમાં 21% યોગદાન આપે છે.

(5) વિશ્વમાં સૌથી વધુ GDPના આંકડા ધરાવતા અને બે સૌથી વધુ વસતી ધરાવતા દેશો ચીન અને ભારત આ જૂથનો ભાગ નથી.

(6) હવે પછી વર્ષ 2023માં 49મી G-7 સમિટ જાપાનમાં યોજાશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# EIU Global Liveability Index 2022

ઈકોનોમિસ્ટ ઈન્ટેલિજન્સ યુનિટ (EIU)એ તાજેતરમાં વિશ્વના સૌથી વધુ રહેવા યોગ્ય શહેરોની વાર્ષિક રેન્કિંગ અને 2022 માટે ગ્લોબલ લિવબિલિટી ઈન્ડેક્સ રજૂ કર્યો છે.

- EIUએ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, રાજકીય સ્થિરતા, ગ્રીન સ્પેસની ઉપલબ્ધતા, આરોગ્ય સંભાળ અને અપરાધ દર સહિતના સંખ્યાબંધ માપદંડોના આધારે 173 શહેરોને ક્રમાંકિત કર્યા છે.

**ટોચના 10 રહેવા યોગ્ય શહેરો**

| રેન્ક | શહેર | દેશ |
|---|---|---|
| 1 | વિયેના | ઓસ્ટ્રિયા |
| 2 | કોપનહેગન | ડેનમાર્ક |
| 3 | ઝ્યુરિચ | સ્વિત્ઝર્લેન્ડ |
| 4 | કેલગરી | કેનેડા |
| 5 | વાનકુવર | કેનેડા |
| 6 | જીનીવા | સ્વિત્ઝર્લેન્ડ |
| 7 | ફ્રેન્કફર્ટ | જર્મની |
| 8 | ટોરોન્ટો | કેનેડા |
| 9 | એમ્સ્ટર્ડમ | નેધરલેન્ડ |
| 10 | ઓસાકા<br>મેલબોર્ન | જાપાન<br>ઓસ્ટ્રેલિયા |

**રેહવા માટે 10 સૌથી ખરાબ શહેર**

| રેન્ક | શહેર | દેશ |
|---|---|---|
| 1 | તેહરાન | ઈરાન |
| 2 | ડુઆલા | કેમરૂન |
| 3 | હરારે | ઝિમ્બાબ્વે |
| 4 | ઢાકા | બાંગ્લાદેશ |
| 5 | પોર્ટ મોરેસ્બી | પાપુઆ ન્યુ ગિની |
| 6 | કરાચી | પાકિસ્તાન |
| 7 | અલ્જિયર્સ | અલ્જેરિયા |
| 8 | ત્રિપોલી | લિબિયા |
| 9 | લાગોસ | નાઈજીરિયા |
| 10 | દમાસ્કસ | સીરિયા |

INSTITUTE FOR COMPETITIVE EXAMS

**નોંધ :** આ યાદીમાં ભારતના શહેરોને નબળુ સ્થાન આપવામાં આવ્યું છે. નવી દિલ્હી 112માં ક્રમે છે જ્યારે મુંબઈ 117મા ક્રમે છે.

સૌથી વધુ ઉમેદવારોને સૌથી ઊંચી સફળતા અપાવનાર સંસ્થા ICE
ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS
WHY JOIN..... ICE ?
STRATEGY AND WINNING POLICY
સ્માર્ટ વર્ક અને સમજણ શક્તિના સમન્વયથી
દરેક વિષયની ઊંડાણપૂર્વકની કન્સેપ્ચ્યુઅલ તૈયારી
GPSCની નવી પરીક્ષા પદ્ધતિને અનુરૂપ ટુ ધી પોઈન્ટ રીડીંગ મટીરિયલ્સ
93757 01110 / 93280 01110
- GPSC CLASS 1/2
- P.I./ PSI/ ASI
- CONSTABLE
- Dy. S.O.
- Dy. MAMLATDAR
- BINSACHIVALY
- TALATI
- IBPS / SBI
- CLERK
નિષ્ણાત ફેકલ્ટી
બેસ્ટ સ્ટડી મટીરિયલ
5000થી વધુ સફળ ઉમેદવાર
વિકલી OMR ટેસ્ટ
રિવિઝન વર્કશોપ



1. ભારતમાં 'રાષ્ટ્રીય આંકડાશાસ્ત્ર દિવસ' અથવા તો 'National Statistics Day' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 27 જૂન (B) 28 જૂન (C) 29 જૂન (D) 30 જૂન (C)

2. ભારતમાં કોનો જન્મદિન 29 જૂન 'રાષ્ટ્રીય આંકડાશાસ્ત્ર દિવસ' તરીકે ઉજવાય છે ?

(A) શ્રી પી.વી. નરસિંહ રાવ (B) શ્રી પી.સી.ચંદ્ર

(C) શ્રી પી.સી. મહાલનોબિસ (D) શ્રી પી.સી. ચૌધરી (C)

3. જૂન 2022માં જર્મનીમાં કેટલામી G-7 સમિટનું આયોજન કરવામાં આવ્યું હતું ?

(A) 48મી (B) 49મી (C) 50મી (D) 51મી (A)

4. તાજેતરમાં ચર્ચામાં રહેલ G-7 સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. તેની સ્થાપના વર્ષ 1975માં થઈ હતી.
2. તેના વર્તમાન 7 સભ્ય દેશોમાં અમેરિકા, બ્રિટન, જાપાન, જર્મની, ફ્રાન્સ, ઈટલી અને કેનેડાનો સમાવેશ થાય છે.
3. વર્ષ 2014માં બ્રાઝિલને આ જૂથમાંથી હટાવી દેવામાં આવ્યું હતું.
4. તેનું વડું મથક અમેરિકાના વોશિંગ્ટન ડી.સી ખાતે આવેલું છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1, 3 અને 4 (B) ફક્ત 1 અને 2 (C) ફક્ત 2, 3 અને 4 (D) 1, 2, 3 અને 4 (B)

5. EIUએ 'Global Liveability Index 2022' તાજેતરમાં રજૂ કર્યો હતો. આ અંતર્ગત વિશ્વનું સૌથી રહેવા માટે યોગ્ય શહેર કયું છે ?

(A) વિયેના (B) તેહરાન (C) શાંઘાઈ (D) ન્યૂયોર્ક (A)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**દિવસ મહિમા : 30 જૂન, (1) વિશ્વ સોશિયલ મીડિયા દિવસ (World Social Media Day)**
**(2) આંતરરાષ્ટ્રીય સંસદીયતા દિવસ (International Day of Parliamentarism)**
**(3) આંતરરાષ્ટ્રીય એસ્ટરોઈડ દિવસ (International Asteriod Day)**

## આંતરરાષ્ટ્રીય સંસદીયતા દિવસ




સંયુક્ત રાષ્ટ્ર દ્વારા દર વર્ષે 30 જૂનના રોજ 'આંતરરાષ્ટ્રીય સંસદીયતા દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- આ અંતર્ગત 30 જૂન, 2022ના રોજ પાંચમાં 'આંતરરાષ્ટ્રીય સંસદીયતા દિવસ'ની ઉજવણી કરવામાં આવી છે.
- 30 જૂન, 2018ના રોજ સંયુક્ત રાષ્ટ્ર દ્વારા સમગ્ર વિશ્વમાં પ્રથમ 'આંતરરાષ્ટ્રીય સંસદીયતા દિવસ' (International Parliamentarism Day)ની ઉજવણી કરવામાં આવી હતી.
- વર્તમાન સમયે વિશ્વના આશરે 193 દેશોમાં સંસદીય વ્યવસ્થા અસ્તિત્વમાં છે.
- લોકશાહી માટે સંસદીય વ્યવસ્થા ખૂબ જ અગત્યની છે.
- આથી, સંસદીય વ્યવસ્થાનું મહત્ત્વ અથવા તો અગત્યતા સમજાવવા માટે સંયુક્ત રાષ્ટ્ર દ્વારા 30 જૂનના રોજ 'આંતરરાષ્ટ્રીય સંસદીયતા દિવસ'ની ઉજવણી કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

## 30 જૂનની પસંદગી શા માટે ?

30 જૂન, 1889ના રોજ આંતરરાષ્ટ્રીય સ્તરે સંસદીય કાર્ય પ્રણાલી માટે 'ઈન્ટર પાર્લિયામેન્ટરી યુનિયન'ની સ્થાપના કરવામાં આવી હતી.

- આથી, 'આંતરરાષ્ટ્રીય સંસદીયતા દિવસ'ની ઉજવણી માટે 30 જૂનની પસંદગી કરવામાં આવી છે.

## શ્રી નીતિન ગુપ્તાની CBDTના નવા અધ્યક્ષ તરીકે નિમણૂક



કેબિનેટની નિમણૂક સમિતિએ IRS અધિકારી શ્રી નીતિન ગુપ્તાની CBDTના નવા અધ્યક્ષ તરીકે નિમણૂકને મંજૂરી આપી છે.

- તેઓ 1986 બેચના ભારતીય રેવન્યુ સર્વિસ (IRS) અધિકારી છે.
- તેઓ ઈન્કમટેક્સ કેડરના છે અને આવતા વર્ષે સપ્ટેમ્બરમાં નિવૃત્ત થવાના છે.
- આ અગાઉ CBDTના અધ્યક્ષનું પદ બોર્ડના સભ્ય અને 1986 બેચના IRS અધિકારી સંગીતા સિંઘ પાસે હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## CBDT

**CBDTનું પૂરું નામ <u>'Central Board of Direct Taxes'</u> છે.**

- CBDT એ <u>સેન્ટ્રલ બોર્ડ ઓફ રેવન્યુ એક્ટ, 1963</u> અનુસાર સ્થાપિત આવકવેરા વિભાગની વૈધાનિક સંસ્થા અને વહીવટી સંસ્થા છે.
- તે ભારતમાં સત્તાવાર <u>ફાઈનાન્શિયલ એક્શન ટાસ્ક ફોર્સ યુનિટ</u> છે.
- આ બોર્ડનું સંચાલન <u>‘નાણા મંત્રાલય’</u> હેઠળના <u>‘મહેસુલ વિભાગ’</u> દ્વારા કરવામાં આવે છે.
- CBDTના ચેરમેન ભારત સરકારના સૌથી વરિષ્ઠ <u>IRS Civil Servant</u> હોય છે.

## કોમનવેલ્થ ડિપ્લોમેટિક પ્રોગ્રામ : ભારત-યુ.કે

ભારતના વિદેશમંત્રી <u>શ્રી એસ.જયશંકર</u> અને તેમના યુકે સમકક્ષ <u>શ્રી લિઝ ટ્રસ</u>એ સંયુક્ત <u>‘ભારત–યુકે કોમનવેલ્થ ડિપ્લોમેટિક એકેડમી પ્રોગ્રામ’</u> શરૂ કરવાની યોજના જાહેર કરી છે.

- રવાંડામાં તેમની બેઠક બાદ આ યોજનાની જાહેરાત કરવામાં આવી હતી.
- બંને દેશોના <u>યુવા અને મહત્ત્વાકાંક્ષી રાજદ્વારીઓને</u> તાલીમ આપવા માટે ભારત–યુકે કોમનવેલ્થ ડિપ્લોમેટિક એકેડેમી પ્રોગ્રામ શરૂ કરવામાં આવશે.
- નવા ડિપ્લોમેટિક એકેડેમી પ્રોગ્રામની જાહેરાત કરવામાં આવી હતી કારણ કે વધુને વધુ ભૌગોલિક રાજકીય વિશ્વમાં દેશોએ લોકશાહી અને સાર્વભૌમત્વના કોમનવેલ્થ મૂલ્યોને ચેમ્પિયન કરવાની જરૂર છે.
- નવો કોમનવેલ્થ ડિપ્લોમેટિક એકેડેમી પ્રોગ્રામ યુવા રાજદ્વારીઓને વૈશ્વિક પડકારોનો સામનો કરવા માટે જરૂરી કુશળતા અને તાલીમથી સજ્જ કરશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



1. 'વિશ્વ સોશિયલ મીડિયા દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 28 જૂન (B) 29 જૂન (C) 30 જૂન (D) 1 જુલાઈ (C)

2. 'આંતરરાષ્ટ્રીય સંસદીયતા દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 28 જૂન (B) 29 જૂન (C) 30 જૂન (D) 21 જુલાઈ (C)

3. તાજેતરમાં CBDTના નવા અધ્યક્ષ તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ?

(A) શ્રી નીતિન શાહ (B) શ્રી નીતિન ગુપ્તા

(C) શ્રી નીતિન અડવાણી (D) શ્રી નીતિન કપુર (B)

4. CBDTના સદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાન સાચા છે ?

1. CBDT નું પૂરું નામ 'Central Board of Direct Taxes' છે.

2. CBDT એ સેન્ટ્રલ બોર્ડ ઓફ રેવન્યુ એક્ટ, 1963 અનુસાર સ્થાપિત આવકવેરા વિભાગની વૈધાનિક સંસ્થા અને વહીવટી સંસ્થા છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 (B) ફક્ત 2

(C) 1 અને 2 બંને સાચા (D) બંનેમાંથી એકપણ નહીં (C)

5. તાજેતરમાં ભારત અને કયા દેશે 'કોમનવેલ્થ ડિપ્લોમેટિક પ્રોગ્રામ' શરૂ કરવાની યોજના જાહેર કરી છે ?

(A) યુ.કે (B) યુ.એ.ઈ (C) ઓસ્ટ્રેલિયા (D) જાપાન (A)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 01 જુલાઈ, (1) રાષ્ટ્રીય ડોક્ટર દિવસ (National Doctor's Day)
## (2) GST દિવસ

### રાષ્ટ્રીય ડોક્ટર દિવસ




સમગ્ર ભારતમાં 1 જુલાઈના રોજ 'રાષ્ટ્રીય ડોક્ટર દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- પશ્ચિમ બંગાળના બીજા મુખ્યમંત્રી શ્રી ડો. બિધાન ચંદ્ર રોયની યાદમાં તેમનો જન્મદિન 1, જુલાઈ 'રાષ્ટ્રીય ડોક્ટર દિવસ' તરીકે ઉજવાય છે.
- ભારતમાં કેન્દ્ર સરકાર દ્વારા વર્ષ 1991થી આ દિવસની ઉજવણીનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.
- વર્ષ 2022ની 'રાષ્ટ્રીય ડોક્ટર દિવસ'ની થીમ 'Family Doctors on the Front Line' છે.

### ડો. બિધાનચંદ્ર રોય

ડો. બિધાન ચંદ્ર રોય પશ્ચિમ બંગાળના બીજા મુખ્યમંત્રી હતા.

- 1 જુલાઈ, 1882ના રોજ બિહારના પટના ખાતે તેમનો જન્મ થયો હતો.
- તેઓ ખૂબ જ જાણીતા ફીઝીશિયન અને શિક્ષણવિદ્ હતા.
- ઈન્ડિયન મેડિકલ એસોસિયેશન (IMA) અને મેડિકલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા (MCI)ની સ્થાપનામાં તેમની મહત્ત્વની ભૂમિકા હતી.
- તેમણે ઈન્ડિયન નેશનલ કોંગ્રેસનું નેતાપદ પણ સંભાળ્યું હતું.
- તેમના મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળ દરમિયાન પશ્ચિમ બંગાળમાં પાંચ નવા શહેરોની સ્થાપના થઈ હતી.
- તેમને ભારતના સર્વોચ્ચ નાગરિક સન્માન 'ભારત રત્ન' (1961)થી સન્માનિત કરવામાં આવ્યા હતા.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભગવાન શ્રી જગન્નાથજીની 145મી રથયાત્રા



1 જુલાઈ, 2022ને અષાઢ સુદ બિજના રોજ ગુજરાતમાં અમદાવાદના પ્રસિદ્ધ જગન્નાથ મંદિરેથી ભગવાન શ્રી જગન્નાથ, ભાઈ શ્રી બલભદ્ર અને બહેન શ્રી સુભદ્રાજીની 145મી રથયાત્રા નીકળી હતી.

- ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે 'પહિંદ વિધિ' (સોનાની સાવરણીથી ભગવાનના રથને સાફ કરવાની વિધિ) કરીને આ રથયાત્રાને પ્રારંભ કરાવ્યો હતો.
- ત્યારબાદ સમગ્ર રાજ્યમાં અષાઢી બીજે નીકળેલી રથયાત્રાનું નિરીક્ષણ CM ડેશબોર્ડના માધ્યમથી મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે કર્યુ હતું.

**નોંધ:** અષાઢ સુદ બીજના રોજ અમદાવાદ ખાતે યોજાતી રથયાત્રા ઓડિશાના પૂરી અને પશ્ચિમ બંગાળના કોલકાતા ખાતે યોજાતી રથયાત્રા બાદ વિશ્વની સૌથી મહત્ત્વની અને સૌથી મોટી રથયાત્રા છે.

## પૂરી રથયાત્રા

1 જુલાઈ, 2022ને અષાઢ સુદ બીજના રોજ ઓડિશાના પૂરી ખાતે ભગવાન શ્રી જગન્નાથની રથયાત્રાનો પ્રારંભ થયો હતો.

- નોંધનીય છે કે વર્ષ 2020 અને 2021માં કોરોના મહામારીના કારણે પૂરીની રથયાત્રા ભક્તો વિના જ યોજાઈ હતી.

## પૂરીની 9 દિવસીય રથયાત્રા

ભારતમાં ઓડિશાના પૂરી ખાતે દર વર્ષે અષાઢ સુદ બીજના રોજ ભગવાન શ્રી જગન્નાથની 9 દિવસીય રથયાત્રાનો પ્રારંભ થાય છે.

- આ રથયાત્રા પૂરીના પ્રસિધ્ધ જગન્નાથ મંદિરથી 3 કિ.મી. દૂર આવેલા ગુંડિચા મંદિર સુધી યોજાઈ છે. ત્યારબાદ ભગવાન શ્રી જગન્નાથજી તેમના મોટા ભાઈ શ્રી બલભદ્ર અને નાની બહેન સુભદ્રાજી 9 દિવસ સુધી ગુંડિચા મંદિરમાં રોકાય છે.
- ગુંડિચા મંદિર ભગવાન જગન્નાથના માસીનું ઘર હોવાનું મનાય છે. જ્યાં 9 દિવસ રહ્યા બાદ ભગવાન નિજ મંદિરે પરત ફરે છે.

## પૂરીની રથયાત્રાની વિશેષતા

(1) ઓડિશાના પૂરી ખાતે યોજાતી રથયાત્રા ભારત અને વિશ્વની સૌથી જૂની રથયાત્રા છે. તેનું વર્ણન 'બ્રહ્મા પુરાણ', 'પદ્મ પુરાણ' અને 'સ્કંદ પુરાણ' તથા 'કપિલ સંહિતા'માં પણ જોવા મળે છે.

(2) પૂરી ખાતે યોજાતી આ રથયાત્રા વિશ્વની સૌથી મોટી રથયાત્રા છે. આ રથયાત્રામાં સૌથી વધુ લોકો ભાગ લે છે.

(3) એવી માન્યતા છે કે, બહેન સુભદ્રાજીની દ્વારકા ભ્રમણની ઈચ્છા પૂરી કરવા માટે ભગવાન શ્રી કૃષ્ણ અને તેમના મોટાભાઈ શ્રી બલરામે અલગ–અલગ રથોમાં બેસીને બહેન સુભદ્રાજીને રથયાત્રા કરાવી હતી. આથી, માતા સુભદ્રજીની નગર ભ્રમણની સ્મૃતિમાં આ રથયાત્રા પૂરીમાં દર વર્ષે યોજાય છે.

**નોંધ:** (1) ઓડિશામાં આવેલું પૂરી જગન્નાથપૂરી, પૂરષોત્તમ પૂરી, શંખ ક્ષેત્ર અથવા તો શ્રીક્ષેત્રના નામથી પણ ઓળખવામાં આવે છે.

(2) પૂરી એ હિન્દુ ધર્મના મૂળ ચાર ધામ પૈકીનું એક ધામ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## હિન્દુ ધર્મના મૂળ ચાર ધામ

| ક્રમ | ધામ | સ્થળ | રાજ્ય |
|---|---|---|---|
| 1 | શ્રી જગન્નાથ મંદિર | પૂરી | ઓડિશા |
| 2 | શ્રી રામેશ્વરમ્ મંદિર | રામેશ્વરમ્ | તમિલનાડુ |
| 3 | શ્રી દ્વારિકાધીશ મંદિર | દ્વારકા | ગુજરાત |
| 4 | શ્રી બદ્રિનાથ મંદિર | બદ્રિનાથ | ઉત્તરાખંડ |

## વિશ્વની સૌથી જૂની રથયાત્રા

| ક્રમ | સ્થળ |
|---|---|
| 1 | પૂરી, ઓડિશા |
| 2 | શ્રી રામપુર, પશ્ચિમ બંગાળ |

**નોંધ :** પશ્ચિમ બંગાળના શ્રીરામપુર નામના શહેરના 'મહેશ' નામના વિસ્તારમાં યોજાતી રથયાત્રા વિશ્વના બીજા નંબરની સૌથી જૂની રથયાત્રા છે.

## વિશ્વની સૌથી મોટી રથયાત્રા

| ક્રમ | સ્થળ |
|---|---|
| 1 | પૂરી, ઓડિશા |
| 2 | કોલકાત્તા, પશ્ચિમ બંગાળ |
| 3 | અમદાવાદ, ગુજરાત |

**નોંધ :** (1) વિશ્વના આશરે 108 શહેરોમાં રથયાત્રા યોજાય છે.

(2) બાંગ્લાદેશના ધર્મરાજ ખાતે યોજાતી ધર્મરાજ જગન્નાથ રથયાત્રા બાંગ્લાદેશની સૌથી વધુ પ્રસિધ્ધ રથયાત્રા છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®



**1.** ભારતમાં 'રાષ્ટ્રીય ડોક્ટર દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 1 જૂન (B) 2 જૂન (C) 3 જૂન (D) 1 જુલાઈ **(D)**

**2.** ભારતમાં કોનો જન્મ દિવસ 1 જુલાઈ 'રાષ્ટ્રીય ડોક્ટર દિવસ' તરીકે ઉજવાય છે ?

(A) ડો. વિદ્યાસાગર રોય (B) ડો. વિશ્વંભર રોય

(C) ડો. બિધાન ચંદ્ર રોય (D) ડો. વિદ્યાચંદ્ર રોય **(C)**

**3.** 'GST દિવસ' તરીકે કયા દિવસની ઉજવણી કરવામાં આવે છે ?

(A) 1 જુલાઈ (B) 2 જુલાઈ (C) 3 જુલાઈ (D) 4 જુલાઈ **(A)**

**4.** 1 જુલાઈ, 2022ના રોજ ગુજરાતના અમદાવાદ ખાતે ભગવાન શ્રી જગન્નાથની કેટલામી રથયાત્રા યોજાઈ હતી ?

(A) 142મી (B) 143મી (C) 255મી (D) 145મી **(D)**

**5.** દર વર્ષે અષાઢ સુદ બીજના રોજ ઓડિશાના પૂરી ખાતે ભગવાન શ્રી જગન્નાથની કેટલા દિવસીય રથયાત્રા નીકળે છે ?

(A) એક (B) પાંચ (C) સાત (D) નવ **(D)**

**6.** વિશ્વની સૌથી મોટી રથયાત્રાના સંદર્ભમાં નીચેના સ્થળોનો સાચો ક્રમ ગોઠવો ?

1. અમદાવાદ 2. પૂરી 3. કોલકાતા

(A) 1, 2, 3 (B) 2, 1, 3 (C) 2, 3, 1 (D) 3, 2, 1 **(C)**

**7.** હિન્દુ ધર્મના મૂળ ચાર ધામમાં નીચેનામાંથી કયા સ્થળનો સમાવેશ થતો નથી ?

(A) દ્વારકા (B) બદ્રીનાથ (C) રામેશ્વરમ (D) હરિદ્વાર **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## અભ્યાસ : હાઈ-સ્પીડ એક્સ્પાન્ડેબલ એરિયલ ટાર્ગેટ (HEAT)




તાજેતરમાં ભારતે સ્વદેશી રીતે ડિઝાઈન કરેલ 'અભ્યાસ : હાઈ–સ્પીડ એક્સ્પાન્ડેબલ એરિયલ ટાર્ગેટ' (Abhyas : High-speed Expendable aerial target-HEAT)નું સફળતાપૂર્વક પરીક્ષણ કર્યુ છે.

- આ પરીક્ષણ DRDO દ્વારા ઓડિશાના ચાંદિપુરમાં ઈન્ટીગ્રેટેડ ટેસ્ટ રેન્જ (ITR) ખાતેથી કરવામાં આવ્યું હતું.

### અભ્યાસ વિશે

અભ્યાસ (ABHYAS) DRDOના એરોનોટિકલ ડેવલપમેન્ટ એસ્ટાબ્લિશમેન્ટ (ADE) દ્વારા ડિઝાઈન અને વિકસિત કરવામાં આવ્યું છે.

- તેને ઓટોપાયલટ સિસ્ટમની મદદથી સ્વાયત્ત ઉડાન માટે ડિઝાઈન કરવામાં આવી છે.
- ઉચ્ચ સબસોનિક ઝડપે લાંબી ઉડાન જાળવવા માટે તે નાના ગેસ ટર્બાઈન એન્જિન દ્વારા સંચાલિત છે.
- તે માર્ગદર્શન અને નિયંત્રણ માટે ઉડાન નિયંત્રણ કમ્પ્યૂટર સાથે માઈક્રો–ઈલેક્ટ્રોમિકેનિકલ સિસ્ટમ (MEMS) આધારિત ઈનર્શિયલ નેવિગેશન સિસ્ટમથી સજ્જ છે.
- વાહન સંપૂર્ણ સ્વાયત્ત ઉડાન માટે પ્રોગ્રામ કરેલ છે. હવાઈ વાહન પરીક્ષણ લેપટોપ આધારિત ગ્રાઉન્ડ કંટ્રોલ સ્ટેશન (GCS)નો ઉપયોગ કરીને કરવામાં આવે છે.
- અભ્યાસ સિસ્ટમ રડાર ક્રોસ સેક્શન (RCS) અને ઈન્ફ્રારેડ સિગ્નેચરથી સજ્જ છે જેનો ઉપયોગ એરક્રાફ્ટ વિરોધી યુદ્ધ કવાયત અને હવાઈ લક્ષ્યોને લક્ષ્ય બનાવવા માટે રચાયેલ પરીક્ષણો માટે વિવિધ પ્રકારના વિમાનોનું અનુકરણ કરવા માટે કરી શકાય છે.
- તેનો ઉપયોગ વિવિધ મિસાઈલ સિસ્ટમના મૂલ્યાંકન માટે લક્ષ્ય તરીકે કરવામાં આવશે.
- તે શસ્ત્ર પ્રણાલીની પ્રેક્ટિસ માટે વાસ્તવિક ખતરાનું દશ્ય રજૂ કરે છે.

**નોંધઃ** (1) એરોનોટિકલ ડેવલપમેન્ટ એસ્ટાબ્લિશમેન્ટ (ADE) એ DRDO હેઠળ પ્રીમિયર એરોનોટિકલ સિસ્ટમ ડિઝાઈન લેબોરેટરી છે.

(2) તે ભારતીય સશસ્ત્ર દળોની જરૂરિયાતોને પહોંચી વળવા માટે અત્યાધુનિક માનવરહિત એરિયલ વ્હીકલ (UAV) અને એરોનોટિકલ સિસ્ટમ અને ટેકનોલોજીની ડિઝાઈન અને વિકાસમાં સામેલ છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ISROએ PSLV-C53 મિશન સફળતાપૂર્વક લોન્ચ કર્યુ



ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ISRO)એ આંધ્રપ્રદેશના શ્રી હરિકોટાથી PSLV-C53 મિશન લોન્ચ કર્યુ હતું.

- આ ઉપરાંત ISROએ PSLV ઓર્બિટલ એક્સપેરિમેન્ટલ મોડ્યુલ અથવા POEM સફળતાપૂર્વક લોન્ચ કરી એક સિદ્ધિ હાંસલ કરી છે.
- આ મિશન દ્વારા સિંગાપોરના ત્રણ ઉપગ્રહોને ભ્રમણકક્ષામાં મુકવામાં આવ્યા છે.
- PSLV-C53 એ ન્યૂસ્પેસ ઈન્ડિયા લિમિટેડ (NSIL)નું બીજું સમર્પિત વ્યાપારી મિશન છે, જે અવકાશ એજન્સીની વ્યાપારી શાખા છે.
- સિંગાપોરના ત્રણ ઉપગ્રહોમાં DS-EO, NeuSAR અને SCOOB-1નો સમાવેશ થાય છે.

### સિંગાપોરના ઉપગ્રહો

### DE-EO

DE-EO ઉપગ્રહ જમીનના વર્ગીકરણ માટે અને માનવતાવાદી સહાય, આપત્તિ રાહત જરૂરિયાતોને પહોંચી વળવા માટે ઈલેક્ટ્રો–ઓપ્ટિક, મલ્ટિસ્પેક્ટ્રલ પેલોડ વહન કરે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### NeuSAR

તે SAR (સિન્થેટિક એપરેચર રડાર) પેલોડ વહન કરતો સિંગાપોરનો પ્રથમ નાનો વ્યાપારી ઉપગ્રહ છે, જે દિવસ–રાત તમામ હવામાન પરિસ્થિતિઓમાં ઈમેજ પ્રદાન કરવા સક્ષમ છે.

### SCOOB-1

તે સ્ટુડન્ટ સેટેલાઈટ સિરીઝ (S3-1)નો પ્રથમ ઉપગ્રહ છે.

- જે NTU સ્કૂલ ઓફ ઈલેક્ટ્રિકલ એન્ડ ઈલેક્ટ્રોનિક એન્જિનિયરિંગ, સિંગાપોરમાં સેટેલાઈટ રિસર્ચ સેન્ટર (SARC) તરફથી પ્રેક્ટિલ વિદ્યાર્થી તાલીમ કાર્યક્રમ છે.

## POEMની મુખ્ય વિશેષતાઓ

POEM (PSLV ઓર્બિટલ એક્સપેરિમેન્ટલ મોડ્યુલ) એ ISROનું પ્રાયોગિક મિશન છે જેની ભ્રમણકક્ષા/ઓર્બિટનો ઉપયોગ ધ્રુવીય સેટેલાઈટ લોન્ચ વ્હીકલ (PSLV)ના ચોથા તબક્કા દરમિયાન પ્લેટફોર્મ તરીકે થાય છે.

- PSLV એ ચાર તબક્કાનું રોકેટ છે જ્યાં પ્રથમ ત્રણ તબક્કાનો ઉપયોગ કર્યા પછી સમુદ્રમાં પડે છે અને અંતિમ તબક્કો (PS4) ઉપગ્રહને ભ્રમણકક્ષામાં લોન્ચ કર્યા પછી કચરા તરીકે અવકાશમાં જાય છે.
- જોકે PSLV-C53 મિશનમાં ઉપયોગમાં લેવાતા છેલ્લા તબક્કાનો ઉપયોગ 'સ્ટેબિલાઈઝ્ડ પ્લેટફોર્મ' તરીકે કરવામાં આવશે.
- આ પ્રથમ વખત છે જ્યારે ચોથો તબક્કો (PS-4) સ્થિર પ્લેટફોર્મ તરીકે પૃથ્વીની પરિક્રમા કરશે.
- POEM પાસે સ્થિરતા માટે નેવિગેશન ગાઈડન્સ એન્ડ કંટ્રોલ (NGC) સિસ્ટમ છે, જે અનુમતિપાત્ર મર્યાદામાં કોઈપણ એરોસ્પેસ વાહનની ફ્લાઈટને નિયંત્રિત કરે છે.
- POEM છ પેલોડ ધરાવે છે જેમાંથી બે ભારતીય સ્પેસ સ્ટાર્ટઅપ્સ દિગંતરા અને ધ્રુવ સ્પેસ સામેલ છે, જે IN-SPACe અને NSIL ના માધ્યમથી સક્ષમ છે.
- POEM PS4 સોલાર પેનલ્સ અને ટાંકીની આસપાસ લગાવેલી લિથિયમ–આયન બેટરી દ્વારા સંચાલિત થશે, તે ચાર સૌર સેન્સર, એક મેગ્નેટોમીટર, ગાયરોસ અને NAVICનો ઉપયોગ કરીને નેવિગેટ કરશે.

## ભારતનો સૌથી મોટો ફ્લોટિંગ સોલાર પ્રોજેક્ટ



તેલંગાણાના રામાગુંડમ ખાતે NTPC દ્વારા ભારતનો સૌથી મોટો ફ્લોટિંગ સોલાર પાવર પ્લાન્ટ સંપૂર્ણ રીતે કાર્યરત કરવામાં આવ્યો છે.

- આ સોલાર પ્લાન્ટની ક્ષમતા 100 મેગાવોટ છે.
- તે અદ્યતન ટેકનોલોજી અને ઈકો–ફ્રેન્ડલી સુવિધાઓ સાથે સંચાલિત છે.
- આ પ્રોજેક્ટ 500 એકર જળાશયમાં ફેલાયેલો છે.
- આ પ્રોજેક્ટ 40 બ્લોકમાં વહેંચાયેલો છે.
- દરેક બ્લોકની ક્ષમતા 2.5 મેગાવોટ છે. અને દરેક બ્લોકમાં ફ્લોટિંગ પ્લેટફોર્મ અને 11,200 સોલાર મોડ્યુલના મેટ્રિક્સનો સમાવેશ થાય છે.
- ભારતમાં આ પ્રકારનો આ સૌથી મોટો પ્રોજેક્ટ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ફ્લોટિંગ સોલાર પ્રોજેક્ટ

તે ફોટોવોલ્ટેઈક (PV) મોડ્યુલ છે જે પ્લેટફોર્મ પર લગાવેલ હોય છે અને જળાશયો, તળાવો પર તરે છે જ્યાં સમુદ્ર અને મહાસાગર જેવી સ્થિતિ હોય.

- આ પ્લેટફોર્મ સામાન્ય રીતે તળાવ, સરોવરો અથવા જળાશયો જેવા શાંત પાણીમાં સ્થાપિત કરવામાં આવે છે.
- આ સૌર પેનલો પ્રમાણમાં ઝડપથી બનાવવામાં આવે છે અને તેને સ્થાપિત કરવા માટે જમીનને સમતલ કરવાની અથવા વનસ્પતિને દૂર કરવાની જરૂર પડતી નથી.

નોંધ: (1) ફ્લોટિંગ સોલાર પેનલ્સની હાજરી સાથે જળાશયોમાંથી બાષ્પિભવનનો દર ઓછો થાય છે. આમ જળ સંરક્ષણમાં મદદ મળે છે.

(2) દર વર્ષે લગભગ 32.5 લાખ ઘન મીટર પાણીને બાષ્પિભવનથી બચાવી શકાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



**1.** તાજેતરમાં ભારતે સ્વદેશી રીતે ડિઝાઈન કરેલ 'અભ્યાસ : હાઈ–સ્પીડ એક્સ્પોન્ડેબલ એરિયલ ટાર્ગેટ' (ABHYAS : High-speed expendable aerial target- HEAT)નું સફળતાપૂર્વક પરીક્ષણ કર્યું છે. તેના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. તેને DRDOના એરોનોટિકલ ડેવલપમેન્ટ એસ્ટાબ્લિશમેન્ટ (ADE) દ્વારા ડિઝાઈન અને વિકસિત કરવામાં આવ્યું છે.
2. તે ઉચ્ચ સબસોનિક ઝડપે લાંબી ઉડાન જાળવવા માટે તે નાના ગેસ ટર્બાઈન એન્જિન દ્વારા સંચાલિત છે.
3. તેનો ઉપયોગ વિવિધ મિસાઈલ સિસ્ટમના મૂલ્યાંકન માટે લક્ષ્ય તરીકે કરવામાં આવશે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 3 (B) ફક્ત 2 અને 3 (C) ફક્ત 1 અને 2 (D) 1, 2 અને 3 **(D)**

---

**2.** જુલાઈ 2022 દરમિયાન ISROએ તેનું PSLV-C53 મિશન સફળતાપૂર્વક લોન્ચ કર્યુ હતું. આ હેઠળ કયા દેશના 3 ઉપગ્રહ લોન્ચ કરવામાં આવ્યા હતા ?

(A) સિંગાપોર (B) જાપાન (C) બાંગ્લાદેશ (D) અમેરિકા **(A)**

---

**3.** ISROએ જુલાઈ 2022માં તેનું PSLV-C53 મિશન સફળતાપૂર્વક લોન્ચ કર્યુ હતું. તેના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. ISROએ આંધ્રપ્રદેશના શ્રી હરિકોટાથી PSLV-C53 મિશન લોન્ચ કર્યુ હતું.
2. PSLV-C53 એ ન્યૂસ્પેસ ઈન્ડિયા લિમિટેડ (NSIL)નું બીજું સમર્પિત વ્યાપારી મિશન છે, જે અવકાશ એજન્સી વ્યાપારી શાખા છે.
3. આ મિશન દ્વારા સિંગાપોરના ત્રણ ઉપગ્રહ DS-EO, NeuSAR અને SCOOB-1ને લોન્ચ કરવામાં આવ્યા હતા.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 3 (B) 1, 2 અને 3 (C) ફક્ત 2 અને 3 (D) ફક્ત 1 અને 2 **(B)**

---

**4.** તાજેતરમાં કયા સ્થળે NTPC દ્વારા ભારતનો સૌથી મોટો ફ્લોટિંગ સોલાર પાવર પ્લાન્ટ સંપૂર્ણ રીતે કાર્યરત કરવામાં આવ્યો છે ?

(A) રામાગુંડમ, તેલંગાણા (B) રામાગુંડમ, આંધ્રપ્રદેશ
(C) રામાગુંડમ, કેરળ (D) રામાગુંડમ, તમિલનાડુ **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

# ONE LINER

## ગુજરાત

➤ **દેશના સૌપ્રથમ અને વિશ્વના ત્રીજા ફોસીલ પાર્ક-ડાયનાસોર મ્યુઝિયમ ફેઈઝ-2ના વિકાસ કામોનું મુખ્યમંત્રીશ્રીના હસ્તે લોકાર્પણ**

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે મહિસાગર જિલ્લાના રૈયાલીમાં ગુજરાત રાજ્ય પ્રવાસન નિગમ દ્વારા રૂ. 16.50 કરોડના ખર્ચે નિર્માણ થયેલા દેશના સૌપ્રથમ અને વિશ્વના ત્રીજા ફોસીલ પાર્ક– ડાયનાસોર મ્યુઝિયમ ફેઈઝ–2ના વિકાસકામોનું લોકાપર્ણ કર્યુ હતું. આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી તથા મહાનુભાવોએ ડાયનાસોર મ્યુઝિયમની મુલાકાત લઈ 5-D થિયેટર, ડિજિટલ ફોરેસ્ટ, 360 ડિગ્રી વર્ચ્યુઅલ રિયાલિટી, એક્સપાયરીમેન્ટ લેબ, સેમી સર્ક્યુલર પ્રોજેક્શન, મૂડ લાઈટ, 3D પ્રોજેક્શન મેપિંગ સહિત હોલોગ્રામનું જીણવટ પૂર્વક નિરીક્ષણ નિહાળ્યું હતું. રૈયાલીના ડાયનાસોર મ્યૂઝિયમથી ગુજરાતે પ્રવાસન ક્ષેત્રે એક મહત્ત્વપૂર્ણ સિદ્ધિ હાંસલ કરી છે.

## ભારત

➤ **ઈન્ડિયા-NCAP**

24 જૂન, 2022ના રોજ માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ મંત્રાલય (MoRTH)એ ભારતમાં સુરક્ષિત કાર લાવવા માટે ઈન્ડિયા– NCAP (ન્યૂ કાર એસેસમેન્ટ પ્રોગ્રામ) શરૂ કરવા માટેના ડ્રાફ્ટ GSR નોટિફિકેશનને મંજૂરી આપી હતી. ન્યૂ કાર એસેસમેન્ટ પ્રોગ્રામ (NCAP) એક એવી પદ્ધતિ પ્રદાન કરે છે જેમાં ભારતમાં ઓટોમોબાઈલને ક્રેશ ટેસ્ટમાં તેમના પ્રદર્શનના આધારે 'સ્ટાર રેટિંગ' આપવામાં આવશે. આ પ્રોગ્રામ ઉપભોક્તા–કેન્દ્રિત પ્લેટફોર્મ તરીકે કાર્ય કરશે અને સ્ટાર રેટિંગના આધારે સુરક્ષિત કારનો ઉપયોગ કરવાની મંજૂરી આપશે. તેનાથી સુરક્ષિત વાહનોના ઉત્પાદન માટે સમગ્ર દેશમાં ઓરિજનલ ઈક્વિપમેન્ટ મેન્યુફેક્ચરર્સ (OEMs) વચ્ચે તંદુરસ્ત સ્પર્ધાને પ્રોત્સાહન મળશે. રોડ ટ્રાન્સપોર્ટ અને હાઈવે મંત્રીના જણાવ્યા અનુસાર ભારતમાં કારનું સ્ટાર રેટિંગ, ક્રેશ ટેસ્ટના આધારે કારમાં માળખાકીય અને મુસાફરોની સલામતીની ખાતરી કરવી મહત્વપૂર્ણ છે તે ભારતીય ઓટોમોબાઈલની નિકાસ ક્ષમતા વધારવામાં પણ મદદ કરશે. આ કાર્યક્રમ ભારતમાં ઓટોમોબાઈલ ઉદ્યોગને આત્મનિર્ભર બનાવશે અને ભારતને વિશ્વભરમાં ટોચનું ઓટોમોબાઈલ હબ બનાવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **ડાક કર્મયોગી**

તાજેતરમાં સંચાર મંત્રાલયે પોસ્ટ વિભાગનું ઈ–લર્નિંગ પોર્ટલ 'ડાક કર્મયોગી' લોન્ચ કર્યુ છે. પોસ્ટ વિભાગના કર્મચારીઓની સારી કામગીરી બદલ આઠ અલગ–અલગ કેટેગરીમાં મેઘદૂત એવોર્ડ પણ આપવામાં આવ્યા હતા. મેઘદૂત એવોર્ડની શરૂઆત વર્ષ 1984માં કરવામાં આવી હતી. તે એકંદર અને શ્રેષ્ઠતા માટે રાષ્ટ્રીય સ્તરે પોસ્ટ વિભાગનો સર્વોચ્ચ પુરસ્કાર છે. ડાક કર્મયોગી પોર્ટલને મિશન કર્મયોગી હેઠળ 'ઈન–હાઉસ' વિકસાવવામાં આવ્યું છે. જેની કલ્પના વડાપ્રધાન શ્રી દ્વારા 'લઘુત્તમ સરકાર' અને 'મહત્તમ શાસન' સાથે અમલદારશાહીમાં કાર્યક્ષમતા લાવવાના હેતુથી કરવામાં આવી હતી. આ પોર્ટલ તાલીમાર્થીઓને સમાન પ્રમાણભૂત તાલીમ સામગ્રી અને ઓનલાઈન અથવા મિશ્રિત કેમ્પસ મોડની એકસેસ મેળવવા માટે સક્ષમ બનાવશે જેથી તેઓ ગ્રાહક સંતોષ માટે બહુવિધ G2C (ગવર્નમેન્ટ ટુ સિટીઝન) સેવાઓ પહોંચાડી શકે. મુખ્યત્વે તેનો ઉદ્દેશ કર્મચારીઓ અને ગ્રામીણ ડાક સેવકોને અપગ્રેડ કરી વધુ સારી સેવાઓ પ્રદાન કરવાનો છે.

➤ **'વન હેલ્થ' પાયલોટ પ્રોજેક્ટ બેંગ્લુરુમાં શરૂ થયો**

તાજેતરમાં ડેરી અને પશુપાલન મંત્રાલયે બેંગ્લુરુમાં 'વન હેલ્થ' પાયલોટ પ્રોજેક્ટ શરૂ કર્યો છે. આ પ્રોજેક્ટ કોવિડ– 19 મહામારી જેવા ભાવી ઝૂનોટિક રોગના પ્રકોપને રોકવા માટે ઉકેલો વિકસાવવા માટે માનવ, પ્રાણી અને પર્યાવરણ સ્વાસ્થ્યના હિતધારકોને એકસાથે લાવશે. આ પાયલોટ પ્રોજેક્ટની સફળતા કેન્દ્રને રાષ્ટ્રીય 'વન હેલ્થ' રોડમેપ વિકસાવવામાં મદદ કરશે. રોડમેપ બહેતર ફીડબેક મિકેનિઝમ અને મેનેજમેન્ટથી સજ્જ હશે. તે વિશ્વની શ્રેષ્ઠ પદ્ધતિઓનો પણ સમાવેશ કરશે. નોંધનીય છે કે વન હેલ્થ પાયલોટ પ્રોજેક્ટ પશુપાલન અને ડેરી વિભાગ દ્વારા શરૂ કરવામાં આવ્યો હતો, જેમાં કોન્ફેડરેશન ઓફ ઈન્ડિયા ઈન્ડસ્ટ્રી (CII) અને બિલ એન્ડ મેલિન્ડાગેટ્સ ફાઉન્ડેશન અમલીકરણ ભાગીદાર તરીકે હતા.

➤ **રાજસ્થાનમાં યુરેનિયમની શોધ**

રાજસ્થાનના સીકર જિલ્લાના રોહિલ (ખંડેલા તાલુકા)માં યુરેનિયમના વિશાળ ભંડાર મળી આવ્યા છે. આ અનામત સાથે આ રાજ્ય વિશ્વના નકશા પર આવી ગયું છે. તે જયપુરથી લગભગ 120 કિ.મીના અંતરે આવેલું છે. આંધ્રપ્રદેશ અને ઝારખંડ બાદ રાજસ્થાન ત્રીજું રાજ્ય બન્યું છે જ્યાં યુરેનિયમ મળી આવ્યું છે. યુરેનિયમ વિશ્વના દુર્લભ ખનિજોમાંનું એક માનવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## વિશ્વ

➤ **વૈશ્વિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોગ્રામ : G7 જૂથ**

તાજેતરમાં G7 જૂથ દ્વારા ગરીબ દેશો માટે 600 બિલિયન યુ.એસ ડોલરના વૈશ્વિક માળખાકીય કાયક્રમોની જાહેરાત કરવામાં આવી છે. આ પગલાનો ઉદ્દેશ્ય ચીનના બેલ્ટ એન્ડ રોડ ઈનિશિયેટીવ સાથે સ્પર્ધાને વેગ આપવાનો છે. વર્ષ 2022 થી 2027 સુધી યુએસ સરકાર અને તેના સહયોગી દેશો 600 અબજ યુએસ ડોલરના આંકડાને સ્પર્શ કરવાનો પ્રયાસ કરશે. બેલ્ટ એન્ડ રોડ ઈનિશિયેટિવ (BRI) ઔપચારિક રીતે વન બેલ્ટ વન રોડ ઈનિશિએટિવ તરીકે ઓળખાય છે. તે વૈશ્વિક માળખાકીય વિકાસ વ્યૂહરચના છે, જે વર્ષ 2013માં ચીન દ્વારા શરૂ કરવામાં આવી હતી. આ અંતર્ગત ચીને લગભગ 70 દેશો અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓમાં રોકાણ કરવાની યોજના બનાવી છે. માર્ચ 2022 સુધીમાં 146 દેશોએ BRI પર હસ્તાક્ષર કર્યા છે.

➤ **રશિયા બેલારૂસને ઈસ્કેન્ડર-એમ મિસાઈલ સિસ્ટમ આપશે**

તાજેતરમાં રશિયાએ બેલારુસને 'ઈસ્કેન્ડર–એમ મિસાઈલ સિસ્ટમ' ટ્રાન્સફર કરવાની જાહેરાત કરી છે. આ મિસાઈલ સિસ્ટમના પરમાણુ અને પરંપરાગત સંસ્કરણો બેલિસ્ટિક અથવા ક્રુઝ મિસાઈલોનો ઉપયોગ કરી શકે છે. નાટો દ્વારા ઈસ્કેન્ડર–એમ મિસાઈલ સિસ્ટમને 'SS–26 સ્ટોન' તરીકે કોડનેમ આપવામાં આવ્યું છે. રશિયા ટ્રાન્સપોર્ટર–ઈરેક્ટર પ્રક્ષેપણ પ્રણાલી તેમજ તેણે છોડેલી શોર્ટ રેન્જ બેલિસ્ટિક મિસાઈલ (SRBM)ને વ્યાખ્યાયિત કરવા ઈન્સ્કેન્ડર–એમ શબ્દનો ઉપયોગ કરે છે. ઈસ્કેન્ડર–એમ મિસાઈલની રેન્જ 500 કિ.મી છે. તે 700 કિલોગ્રામ સુધીના પેલોડ વહન કરવા સક્ષમ છે.

➤ **નાઈજીરીયામાં ઉચ્ચ શ્રેણીના લિથિયમની શોધ**

તાજેતરમાં નાઈજીરીયામાં ઉચ્ચ શ્રેણીના લિથિયમની શોધ થઈ છે. પશ્ચિમ ઓસ્ટ્રેલિયામાં આવેલી ગ્રીનબુશ ખાણ એ વિશ્વની સૌથી મોટી હાર્ડ–રોક લિથિયમ ખાણ છે. લિથિયમના સૌથી મોટા આયાતકારો દક્ષિણ કોરિયા, ચીન, જાપાન, યુનાઈટેડ સ્ટેટ્સ અને બેલ્જિયમ છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **સંયુક્ત રાષ્ટ્ર મહાસાગર પરિષદ**

વિશ્વ મહાસાગર ઈકોસિસ્ટમને સાચવવા અને ટકાવી રાખવાના ઉદ્દેશ્ય સાથે વૈશ્વિક સહકારની ખાતરી કરવા તાજેતરમાં યુનાઈટેડ નેશન્સ (UN) મહાસાગર પરિષદ 2022 યોજવામાં આવી હતી. આ પરિષદ કેન્યા અને પોર્ટુગલની સરકારો દ્વારા સહ–આયોજિત કરવામાં આવી હતી. ભારતના પૃથ્વી વિજ્ઞાન મંત્રીશ્રીએ સંયુક્ત રાષ્ટ્ર મહાસાગર પરિષદમાં ભારતીય પ્રતિનિધિમંડળનું પ્રતિનિધિત્વ કર્યુ હતું. ભારતે SDG-14ના અમલીકરણ માટે ભાગીદારી અને પર્યાવરણને શ્રેષ્ઠ બનાવવા માટે વિજ્ઞાન અને નવીનતા આધારિત ઉકેલો પ્રદાન કરવાનું વચન આપ્યું હતું.

## ICE ? Questions

➤ તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે કયા સ્થળે ત્રીજા ફોસીલ પાર્ક–ડાયનાસોર મ્યુઝિયમ ફેઈઝ–2ના વિકાસ કામોનું લોકાપર્ણ કર્યુ હતું ? – રૈયાલી

➤ તાજેતરમાં ચર્ચામાં રહેલ વૈશ્વિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોગ્રામ કયા જૂથ સાથે સંકળાયેલ છે ? – G-7 જૂથ

➤ તાજેતરમાં માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ મંત્રાલયે ભારતમાં સુરક્ષિત કાર લાવવા માટે 'ઈન્ડિયા NCAP' શરૂ કરવા માટેના ડ્રાફ્ટ GSR નોટિફિકેશનને મંજૂરી આપી હતી. આ NCAPનું પૂરું નામ જણાવો ? – ન્યૂ કાર એસેસમેન્ટ પ્રોગ્રામ

➤ તાજેતરમાં સંચાર મંત્રાલયે પોસ્ટ વિભાગનું ઈ–લર્નિંગ પોર્ટલ ..........શરૂ કર્યુ હતું. – ડાક કર્મયોગી

➤ રશિયા ..........દેશને ઈસ્કેન્ડર–એમ મિસાઈલ સિસ્ટમ આપશે. – બેલારૂસ

➤ તાજેતરમાં કયા દેશમાં ઉચ્ચ શ્રેણીના લિથિયમની શોધ થઈ છે ? – નાઈજીરીયા

➤ તાજેતરમાં 'વન હેલ્થ' પાયલોટ પ્રોજેક્ટ કયાં શરૂ થયો છે ? – બેંગ્લુરૂ

➤ તાજેતરમાં ભારતના કયા રાજ્યમાં યુરેનિયમની શોધ થઈ છે ? – રાજસ્થાન

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. કયા રાજ્યએ 'મો બસ સેવા' શરૂ કરી છે, જેને તાજેતરમાં સંયુક્ત રાષ્ટ્ર જાહેર સેવા પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો છે ? – ઓડિશા
(ઓડિશાના કેપિટલ રિજન અર્બન ટ્રાન્સપોર્ટ ઓથોરિટીએ સ્માર્ટ ટેકનોલોજીને પ્રોત્સાહન આપવા અને મહિલા સવારો માટે સુરક્ષિત પરિવહનને પ્રોત્સાહન આપવા નવેમ્બર 2018માં 'મો બસ સેવા' શરૂ કરી હતી. તેને તાજેતરમાં 2022 માટે સંયુક્ત રાષ્ટ્ર જાહેર સેવા પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો છે.)
2. ભારતે તાજેતરમાં કયા દેશ સાથે 'કોમનવેલ્થ ડિપ્લોમેટિક એકેડમી પ્રોગ્રામ'ની જાહેરાત કરી હતી ? – યુકે
3. કયું રાજ્ય વ્યાપક સ્વાસ્થ્ય વીમા યોજના 'મેડિસેપ' (MEDI SEP) શરૂ કરવા જઈ રહ્યું છે ? – કેરળ
4. 'EIU Global Liveability Index' અનુસાર વિશ્વનું સૌથી વધુ રહેવા યોગ્ય શહેર કયું છે ? – વિયેના
5. તાજેતરમાં કયા દેશે 'ઝુલજાના' (Zuljanah) નામનું ઘન ઈંધણ રોકેટ લોન્ચ કર્યુ છે ? – ઈરાન
6. શ્રી અમિતાભ કાંત તાજેતરમાં નિવૃત્ત થયા છે. તે કોની સાથે સંકળાયેલા હતા ? – નીતિ આયોગ
7. તાજેતરમાં ચર્ચામાં રહેલ 'હર્મિટ' (Hermit) શું છે ? – સ્પાઈવેર
8. 'રાષ્ટ્રીય વીમા જાગરૂકતા દિવસ' ક્યારે ઉજવવામાં આવે છે ? – 28 જૂન
(વીમા યોજનામાં રોકાણના લાભો વિશે લોકોને પ્રતિભાવ આપવા માટે 28 જૂનને 'રાષ્ટ્રીય વીમા જાગરૂકતા દિવસ' તરીકે ઉજવવામાં આવે છે.)
9. કઈ સંસ્થાએ તાજેતરમાં 'ઈન્ડિયાઝ બૂમિંગ ગીગ એન્ડ પ્લેટફોર્મ ઈકોનોમી' નામનો અહેવાલ બહાર પાડ્યો છે ? – નીતિ આયોગ
(નીતિ આયોગે તાજેતરમાં 'ઈન્ડિયાઝ બૂમિંગ ગીગ એન્ડ પ્લેટફોર્મ ઈકોનોમી' શીર્ષક હેઠળનો અહેવાલ બહાર પાડ્યો છે. ભારતીય ગીગ કાર્યબળ 2029-30 સુધીમાં 23.5 મિલિયન કામદારો સુધી વિસ્તરે તેવી અપેક્ષા છે. જે વર્તમાન 7.7 મિલિયન થી 200% વધુ છે.)
10. તાજેતરમાં ચર્ચામાં રહેલ T-HUB કયા રાજ્યમાં સ્થિત સ્ટાર્ટ–અપ ઈન્ક્યુબેટર છે ? – તેલંગાણા
11. શ્રી ઉદ્ધવ ઠાકરેના રાજીનામા બાદ મહારાષ્ટ્રના નવા મુખ્યમંત્રી તરીકે કોણે શપથ લીધા છે ? – શ્રી એકનાથ શિંદે
12. 'ઈલેક્ટોરલ બોન્ડ' જારી કરનાર ભારતમાં એકમાત્ર સંસ્થા કઈ છે ? – SBI
13. કેન્દ્રીય કેબિનેટે જુલાઈ 2022માં કઈ સંસ્થાને 'આંતરરાષ્ટ્રીય સંસ્થા' તરીકે વર્ગીકરણને મંજૂરી આપી હતી ? – CDRI
(કેન્દ્રીય કેબિનેટે Coalition for Disaster Resilient Infrastructure (CDRI)ને આંતરરાષ્ટ્રીય સંસ્થા તરીકે વર્ગીકરણને મંજૂરી આપી છે.)
14. કઈ ભારતીય સંસ્થાએ 'ઓટોનોમસ ફ્લાઈંગ વિંગ ટેકનોલોજી ડેમોનસ્ટ્રેટર'નું પ્રથમ ઉડાન પરીક્ષણ કર્યુ હતું ? – DRDO

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ICE દ્વારા GPSC તથા વર્ગ-3ની તમામ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે ટુ ધી પોઈન્ટ પરીક્ષાલક્ષી નવું મટીરીયલ્સ




આ પુસ્તકો તમામ અગ્રગણ્ય બુક સ્ટોર તથા અમારી વેબસાઇટ iceonline.in પર ઉપલબ્ધ છે.

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા**

Social Media Icon **પર** Click **કરો.**

**JOIN OUR WHATSAPP GROUP**

joinicerajkot.com

**JOIN OUR TELEGRAM**

t.me/icerajkotofficial

YouTube

ICE RAJKOT

Instagram

ICE RAJKOT

Facebook

like | comment | share

ICE RAJKOT

twitter

ICE RAJKOT